
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૮ || ઓગસ્ટ ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૮

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ॥ શ્રદ્ધાંજલિ ॥







ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યુ વિદ્યાનગરના સ્થાપક સ્વ.ડૉ. સી.એલ.પટેલની પુણ્યતિથિ નિમિત્તે તા.૨૭/૦૫/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢૂલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રી  વિશાલ એચ. પટેલ તથા કૉલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી. એલ. પટેલ સાહેબને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૮
સળંગ અંક : ૬૫૮

**ISSN 0976-9609-V Vidyanagar**





**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ



**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦



ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते

| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** |
|---|---|
| શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ | શ્રી મનીષભાઈ એસ.પટેલ |
| **અધ્યક્ષ** | **માનદ્ મંત્રી** |
| શ્રી ભીખુભાઈ બી. પટેલ | ડૉ. એસ. જી. પટેલ |

**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ    શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ ઍકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલ સ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળ સ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

જઈને કેજો રે દાસી તણો રે સંદેશ,
દાસી છઉં તમારી દર્શન કારણ દૂબળી
આ દાસીને દર્શન દ્યોને હંમેશે રે હાં. સાંયાજી૦


|| પ્રાથમ્ય || સાસુની એક શરત ..........................૩
**સંકલન : એસ.જી.પટેલ**
|| વૈભવ અને વારસો || ..................................૫
**પદ્ય-વિભાગ :** દાસી જીવણ
|| નવાં કાવ્યો || ..........................................૬
**હાર્દિક વ્યાસ, સિકંદર મુલતાની, શૈલેશ ગઢવી**
|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** ગરીબીનું ગૌરવ........................૭
**મોહનદાસ કરમચંદ ગાંધી**
|| લઘુકથા || માવઠું......................................૮
**હસમુખ કે. રાવલ**
|| વાર્તા || ભેખ...........................................૯
**યોગેશ પંડ્યા**
|| કલા-સંસ્કૃતિ || સાડેલી કલા કાષ્ઠકલામાંથી લુપ્ત થઈ રહેલી સંસ્કૃતિ ............................................૧૨
**સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ**
|| સંશોધન || ભારતમાં ફુગાવાના માપદંડો (CPI, WPI, PPI) અને ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) વચ્ચેનો સંબંધ, તફાવત અને પ્રભાવ : એક વિશ્લેષણાત્મક સંશોધન....................................................૧૭
**વિજયસિંહ એન. ધંધુકિયા**
|| પરંપરા || ભારતીય જ્ઞાન પરંપરામાં વિશ્વની ઉત્પત્તિ..૨૨
**પ્રતીકકુમાર ભીખાભાઈ ભોઈ**
|| આસ્વાદ || લોકગીતોમાં વિવિધ રસોનો આસ્વાદ..૨૫
**રાજેન્દ્ર ઠાકર**
|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૮
**આર. કે. માંડલિયા**
|| સાંપ્રત || આપણા પદવીધારી યુવાનોનું શું થશે?..૨૯
**ડંકેશ ઓઝા**
|| સમીક્ષા || ખમીરવંતી નારીની વિરલ જીવનગાથા..૩૧
**રિંકલ વણકર**
|| આયુર્વેદ || ચિંતાથી ચિત્તભ્રમ સુધી : યુવા પેઢીના માનસિક રોગોનું આયુર્વેદીય વિશ્લેષણ
**[1]સરિતા ભુતડા [2]આશિષ એમ. ભાડાણિયા** .........૩૫
|| વિદ્યાવૃત્ત || ............૭, ૮, ૧૬, ૩૪, ૩૭, ૩૮



ISSN 0976-9609

## || પ્રાથમ્ય ||

## સાસુની એક શરત

**સંકલન : એસ. જી. પટેલ**

''વહુ... આ ઘરની ચાવીઓ હું તને ત્યારે જ આપીશ, જ્યારે તું મારી એક શરત માનશે.''

નવી નવેલી વહુ કાવ્યાએ આશ્ચર્યથી પોતાની સાસુ કમલાબેન તરફ જોયું. તેના મનમાં વિચાર આવ્યો, ''કદાચ મમ્મીજી ઘરના નિયમો કહેશે... સવારે વહેલા ઊઠવું પડશે, માથે પલ્લુ રાખવું પડશે કે કોઈ સાથે ઊંચા અવાજે વાત નહીં કરવી પડે.''

કાવ્યાએ ધીમેથી કહ્યું, ''જી મમ્મીજી... તમારી દરેક વાત મને મંજૂર છે.'' કમલાબેન અલમારીમાંથી ચાવીઓનો મોટો ઝૂડો લઈને આવ્યાં. તેમણે ચાવીઓ કાવ્યાના હાથમાં મૂકતાં કહ્યું, ''આ ઘરની ચાવીઓ છે... પણ મારી શરત માત્ર એક જ છે.''

''કઈ શરત, મમ્મીજી?'' કમલાબેને તેની આંખોમાં જોઈને કહ્યું, ''આ ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય એ જ દિવસે ક્યારેય નહીં કરવો.'' કાવ્યા થોડી મૂંઝાઈ ગઈ. ''એટલે?'' કમલાબેન સ્મિત કરીને બોલ્યાં, ''ગુસ્સામાં માણસને ભૂલ દેખાતી નથી, માત્ર દોષ દેખાય છે. એટલે આ ઘરમાં ચોવીસ કલાકનો નિયમ છે. કોઈપણ નારાજગી હોય, નિર્ણય બીજા દિવસે લેવાશે.'' કાવ્યાને વાત થોડી વિચિત્ર લાગી, પણ તેણે હા પાડી. થોડા દિવસો પછી સવારે ઘરમાં હોબાળો મચી ગયો. સસરાજીની મોંઘી દવાની બોટલ હાથમાંથી પડીને તૂટી ગઈ. ઘરમાં કામ કરતી બહેન ગભરાઈને બોલી, ''માલકીન... મારાથી ભૂલ થઈ ગઈ.'' કમલાબેને શાંતિથી કહ્યું,

''કોઈ વાંધો નહીં. આજે આ વિષય પર કોઈ કંઈ નહીં બોલે.'' કાવ્યા આશ્ચર્યમાં પડી ગઈ. બીજા દિવસે કમલાબેને કામવાળી બહેનને બોલાવી. ''કાલે તું બહુ ડરી ગઈ હતી ને?'' તેની આંખોમાંથી આંસુ આવી ગયા. ''હા માલકીન... આખી રાત ઊંઘ આવી નહોતી.''

કમલાબેને તેનો હાથ પકડીને કહ્યું, ''ભૂલ બે પ્રકારની હોય છે–એક બેદરકારીથી અને બીજી માણસ હોવાના કારણે. તેં જાણીને નથી તોડી. હવે આગળથી ધ્યાન રાખજે.'' તે સ્ત્રી રડી પડી અને કમલાબેનને પગે લાગી. એક અઠવાડિયા પછી કાવ્યાથી પણ મોટી ભૂલ થઈ ગઈ. ઉતાવળમાં તેણે સસરાજીની વર્ષો જૂની ઊનની શાલ વોશિંગ મશીનમાં ધોઈ નાખી. શાલ સંકોચાઈ ગઈ. તે સસરાજીને તેમના પિતાની યાદગીરી તરીકે મળી હતી. કાવ્યાના હાથ ધ્રૂજવા લાગ્યા. ''હવે તો મમ્મીજી ખૂબ ગુસ્સે થશે.'' પણ કમલાબેને ફરી એ જ કહ્યું, ''આજે કંઈ નહીં બોલીએ.'' આખી રાત કાવ્યા પોતાની ભૂલથી વ્યથિત રહી. બીજા દિવસે તે પોતે જ કમલાબેન પાસે ગઈ.

''મમ્મીજી... મને માફ કરી દો. મારી મોટી ભૂલ થઈ ગઈ.'' કમલાબેને તેને હૈયે લગાવી લીધી. ''જો વહુ... મે કાલે જ તને ઠપકો આપ્યો હોત, તો તને માત્ર મારી ડાંટ જ યાદ રહેત. પણ એક રાત વિચારવાનો સમય મળતાં તને પોતાની ભૂલ જાતે જ સમજાઈ ગઈ.'' કાવ્યાની આંખોમાં આંસુ આવી ગયાં. કમલાબેન બોલ્યાં, ''ડર માણસને થોડા સમય માટે બદલે છે, પણ સમજ આખી જિંદગી માટે.'' સમય પસાર થતો ગયો. એક દિવસ અમિત ઓફિસેથી ખૂબ તણાવમાં ઘરે આવ્યા. તેમણે કાવ્યા સાથે યોગ્ય રીતે વાત પણ ન કરી. કાવ્યાને ખૂબ દુઃખ થયું. ત્યારે કમલાબેન પૂછે છે, ''શું થયું?'' કાવ્યાએ કહ્યું, ''મમ્મીજી, તેમણે મારી સાથે બરાબર વાત પણ નથી કરી.'' કમલાબેન હળવેથી હસ્યાં. ''નિર્ણય આજે કરશો કે કાલે?'' કાવ્યા ચૂપ રહી ગઈ. બીજા દિવસે સવારે અમિત પોતે જ આવ્યા.

''માફ કરજે... કાલે દુકાનમાં મોટું નુકસાન થયું હતું. મન ખૂબ વ્યથિત હતું.'' કાવ્યાને સાસુની શીખ યાદ આવી ગઈ. જો તેણે એ જ રાત્રે ઝઘડો કર્યો હોત, તો વાત વધુ બગડી જાત. તે હસીને બોલી, ''ચાલો, પહેલા ચા પી લો...પછી વાત કરીશું.'' થોડા મહિનાઓ પછી પડોશની એક વૃદ્ધ મહિલાને તેમનો દીકરો વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો. આખો મહોલ્લો તેને દોષ આપવા લાગ્યો. કાવ્યા પણ બોલી,

''કેવો નિષ્ઠુર દીકરો!'' પણ કમલાબેન બોલ્યાં, ''આખી વાત જાણ્યા વગર ક્યારેય કોઈ પર નિર્ણય ન કરવો.''

બે દિવસ પછી ખબર પડી કે દીકરો પોતે કેન્સરની સારવાર માટે બીજા શહેર જઈ રહ્યો હતો. માતાને એકલી મૂકવા કરતાં સારી સંભાળ મળે તે માટે વૃદ્ધાશ્રમમાં રાખી હતી. કાવ્યાનું માથું શરમથી ઝૂકી ગયું. કમલાબેને કહ્યું, ''અડધું સત્ય ઘણીવાર આખા અસત્ય કરતાં વધુ ખતરનાક હોય છે.'' તે દિવસ પછી કાવ્યાએ કોઈ વિશે તરત અભિપ્રાય આપવાનું છોડી દીધું. વર્ષો વીતી ગયા. કમલાબેન વૃદ્ધ થઈ ગયા. એક દિવસ તેમણે ફરી એ જ ચાવીઓનો ઝૂડો કાવ્યાના હાથમાં આપતાં કહ્યું, ''આજથી આ ઘર સંપૂર્ણપણે તારું છે.''

કાવ્યાની આંખો ભીની થઈ ગઈ. ''મમ્મીજી, ચાવીઓ તો તમે મને વર્ષો પહેલાં જ આપી દીધી હતી.'' કમલાબેન સ્મિત સાથે બોલ્યાં,

''ના વહુ... એ દિવસે મેં તને માત્ર લોખંડની ચાવીઓ આપી હતી. આજે હું તને આ ઘરના સંબંધોની ચાવી આપી રહી છું.'' ''એ કઈ?''

કમલાબેન ધીમેથી બોલ્યાં, ''જે ઘરમાં લોકો એકબીજાને સમજ્યા પહેલાં નિર્ણય નથી આપતા, ત્યાં સંબંધો ક્યારેય વૃદ્ધ થતા નથી.''

થોડાં વર્ષો પછી કાવ્યા પોતે સાસુ બની. એક દિવસ તેની વહુના હાથેથી તેની સૌથી પ્રિય ચાની કીટલી તૂટી ગઈ. વહુ ડરના માર્યા રડવા લાગી. કાવ્યાએ હસીને માત્ર એટલું જ કહ્યું, ''દીકરી... આજે નહીં. અમારા ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય બીજા દિવસે થાય છે.'' વહુ આશ્ચર્યથી તેને જોતી રહી. કાવ્યાની આંખોમાં પોતાની સાસુની છબી તરતી હતી. તે સમજી ગઈ હતી કે ઘર ઈંટ-પથ્થરથી નહીં, પરંતુ એવા સંસ્કારોથી બને છે જે સંબંધોને તૂટતા બચાવે છે. અને ત્યારથી એ ઘરમાં એક સુંદર પરંપરા શરૂ થઈ-ગુસ્સામાં ક્યારેય નિર્ણય નહીં લેવાય. પહેલા એક રાત પસાર થશે, પછી વાત થશે. કદાચ એટલા માટે જ એ ઘરમાં ક્યારેક વાસણો તૂટતા હતા, પરંતુ સંબંધો ક્યારેય તૂટતા નહોતા.

(સામાજિક મિડિયામાંથી સાભાર)

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

એક આદર્શ સાસુ-વહુનો સંબંધ ત્યાં ખીલે છે જ્યાં ભૂલોની ગણતરી કરવાને બદલે
એકબીજાના પ્રયાસોની કદર થાય છે.
દીકરી બનીને આવે છે વહુ અને માતા બનીને સાચવે છે સાસુ...
આ સંબંધ તો છે વિશ્વાસ અને પ્રેમની સુગંધિત બાંધણી.
જે ઘરમાં સાસુ વહુને દીકરી સમાન માને છે અને વહુ સાસુને માતા સમાન ગણે છે,
ત્યાં ક્યારેય અશાંતિ નથી રહેતી.
દરેક સફળ અને ખુશહાલ પરિવાર પાછળ એક એવી સાસુ અને વહુની સમજણ હોય છે, જેઓ એકબીજાના
અહમને નહીં પણ સંબંધને મહત્ત્વ આપે છે.


ISSN 0976-9609

|| વૈભવ-વારસો : પદ્ય વિભાગ ||

## સાંયજીને એટલી મારી વિનંતી

**દાસી જીવણ**

સાંયાજીને કેજો રે એટલી મારી વિનંતી
સાંયાજીને મળવાને હાલો જાયે સખી શૂન્યમાં
પિયુને કેજો રે દાસી તણો સંદેશ રે હાં
સાંયાજીને કેજો રે એટલી મારી વિનંતી રે.
વીતી હોય એ જાણે, પરવીતી શું જાણે પ્રીત,
કુંવારી શું જાણે પિયુ રે તણો વિયોગ રે. સાંયાજી૦
જઈને કેજો રે દાસી તણો રે સંદેશ,
દાસી છઉં તમારી દર્શન કારણ દૂબળી
આ દાસીને દર્શન દ્યોને હંમેશે રે હાં. સાંયાજી૦
ભીમ ગુરુ ચરણે દાસી જીવણ બોલ્યા,
દેજો અમને સંત ચરણોમાં વાસ રે
સાંયાજીને કેજો રે એટલી મારી વિનંતી રે.

દાસીજીવણે પુરુષ હોવા છતાં રાધા ભાવે પિયુ પરમાત્માને ભજ્યા છે. સાહેલીઓને પોતાની સાથે લઈને આ પિયુજીને મળવા ચાલે છે. ત્યારે તેનું સ્થાન ગોકુળ-મથુરા નથી કે કોઈ સ્વર્ગલોકની વાટ પણ પકડવાની નથી પરંતુ શૂન્ય શિખર પર-બ્રહ્મરન્ધ્રમાં સાધનાના માર્ગે જવાનું છે. આ માર્ગે જવા માટે વૈરાગ્યનો ભગવો ભેખ ધારણ કરવો પડશે. આ સંસારની આસક્તી છોડવી પડશે.

પરમાત્મા પાસે જવાનું છે ત્યારે દાસી ભાવે જવાનું છે. પ્રભુના વિરહની વેદના, પિયુજીનો વિયોગ શું છે તે એ જાણે છે. જેમ પરણેલી પિયુના અનુભવી શકે તેમ છે. પરમાત્મા સાથે લગ્નગ્રંથીથી જોડાયેલ છે તે આ વિરહવેદના જાણે છે. સંદેશો મોકલાવે છે કે પ્રભુ ! આ તમારી દાસી તમારા દર્શન કારણ દૂબળી છે તેને તમે હરપળ, હરહંમેશ દર્શન આપો તમારા ચરણમાં વાસ આપો.

## ।। નવાં કાવ્યો ।।

### અમે પેઢી વિતાવી છે. (ગઝલ)

**હાર્દિક વ્યાસ**

તૂટેલા આયના પાછળ અમે પેઢી વિતાવી છે.
વીતેલા કાફલા પાછળ અમે પેઢી વિતાવી છે.

નજીવા તાપણા પાછળ અમે પેઢી વિતાવી છે.
ખરેલા તારલા પાછળ અમે પેઢી વિતાવી છે.

કલાની સાધના પાછળ અમે પેઢી વિતાવી છે.
કરેલા વાયદા પાછળ અમે પેઢી વિતાવી છે.

સદા ઉન્નત છે આલેખ્યા, સતત પ્રગતિ કરાવી છે.
વતનના વાવટા પાછળ અમે પેઢી વિતાવી છે.

મળ્યું જે કંઈ સહજતાથી અમે એને ઉછેર્યું છે.
અમૂલા વારસા પાછળ અમે પેઢી વિતાવી છે.

કર્યું જે મીઠું સંબોધન તમે હકદાર છો એના,
તમારી સરભરા પાછળ અમે પેઢી વિતાવી છે.

જરા સ્થાપિત થયા તો એમ બદલી સ્થાનકિંમત પણ,
સ્વયંની સ્થાપના પાછળ અમે પેઢી વિતાવી છે.

જવાબો શૂન્ય થઈ જાતા, નથી ઉકેલ મળતો કંઈ
ગણેલા દાખલા પાછળ અમે પેઢી વિતાવી છે.

મળ્યું'તું એક પીછું જે હવે છે લુપ્ત થાવામાં,
પરીની વારતા પાછળ અમે પેઢી વિતાવી છે.

અમે તો મૂળ થઈને છેક ઊંડાણે વિકસતા'તા,
મરકતા પાંદડા પાછળ અમે પેઢી વિતાવી છે.

નથી ટાંકી શકાતા કે નથી ચમત્કાર એમાં કંઈ
નકામા આભલા પાછળ અમે પેઢી વિતાવી છે.

કદી સંવાદમાં ઢાળ્યા, કદી ગીતોમાં ગૂંથ્યા છે;
શબ્દના પારખા પાછળ અમે પેઢી વિતાવી છે !

અતિજ્ઞાની અવસ્થામાં બની સહદેવ જીવું છું;
પરમની યાતના પાછળ અમે પેઢી વિતાવી છે..!

વૃંદાવન પાર્ક-૩, એસ. ટી. ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિર વાળી શેરી,
લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ (મો) ૯૮૨૫૪૧૫૬૯૫

### છે ઋતુ આ કમાલ...

**સિકંદર મુલતાની**

છે ઋતુ આ કમાલ વરસાદી,
કે ઊડે છે ગુલાલ વરસાદી !

ધીંગા-મસ્તી, ધમાલ વરસાદી,
ડર શો, છો હો બબાલ વરસાદી !

ગ્રીષ્મ પ્રસ્વેદ પણ શીતળ લાગે,
મોકલે એ, રૂમાલ વરસાદી !

ઉત્તર, છત્રી ઓઢીને ફરતાં,
એ પૂછે છે, સવાલ વરસાદી !

મહેક મિટ્ટીની રુહમાં પ્રસરે,
મોકલે એ.. ટપાલ વરસાદી !

કંઈ 'સિકંદર' ગઝલ લખવાની,
સાંજ છે, ખુશખુશાલ વરસાદી !

માળીવાડ, જગન્નાથના મંદિર પાસે,
ગ્રીન ચોક, લીંબડી-૩૬૩૪૨૧
જિ. સુરેન્દ્રનગર (મો) ૯૨૨૮૧૧૬૩૬૩

### વરસાદમાં

**શૈલેશ ગઢવી**

મોતીડાં પામી ગયાં વરસાદમાં,
ચાતકો જીવી ગયાં વરસાદમાં.

પુષ્પને ઇચ્છા હતી ઉપવન મળે,
આંગણે ઊગી ગયાં વરસાદમાં.

આંખનાં ખાબોચિયાં સુક્કાં હતાં,
છીછરાં છલકી ગયાં વરસાદમાં.

હું ઊભો તો ક્યારનો ખોબો ધરી,
ઝાંઝવાં પલળી ગયાં વરસાદમાં.

આખરે ઇચ્છા ફળી છે વૃક્ષની,
પાંદડાં ઝંપી ગયાં વરસાદમાં.

શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા, મુ.ખીજડિયા,
તા.મેંદરડા, જી.જૂનાગઢ, પિન-362260,
(મો) 63519 03873.

 ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### ગરીબીનું ગૌરવ

**મોહનદાસ કરમચંદ ગાંધી**

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે, એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરના મહેલના કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે - અરે, તે ઝૂંપડીને વિશે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્ર નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાને મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી-લોટો ભેરવીને ચાલે છે. તેને આ સિવાય બીજી એકેય વસ્તુનો ખપ નથી. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે, બળતણને માટે થોડાં સૂકાં ડાંખળાં આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગે છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી; પ્રામાણિક મજૂરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે, તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્ર ઈશ્વર છે, અને તે પોતાને કોઈ રાજા કે બાદશાહીથીયે વધારે શ્રીમંત માને છે.

એથી ઊલટું, જે કોઈ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે તેને, ગમે તે રૂપાળા નામે પણ, બીજાને લૂંટ્યા કે ચૂસ્યા વિના છૂટકો નથી. અને એ બધું કરવા છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી.

''અરધી સદીની વાચનયાત્રા''માંથી સાભાર

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં** તા.૨૪-૦૬-૨૦૨૬ના રોજ ગુજરાત સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે ધો.૧૧નો કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ગુજરાત એનર્જી લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને આણંદ જીલ્લા પ્રભારી સચિવશ્રી અવંતિકાસિંઘ (IAS) ના મુખ્ય મહેમાનપદે, લાયઝન ઓફિસર અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી-આણંદ કુ. હેતલબેન ભાલીયા (GAS), આણંદ જીલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી કામિનીબેન ત્રિવેદી, આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી અર્ચનાબેન પ્રજાપતિ અને શાળાના આચાર્ય ડૉ. અમિતકુમાર ભટ્ટની મંચસ્થ ઉપસ્થિતિમાં યોજાયો. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ધો.૧૧ના નવાગંતુક વિદ્યાર્થીઓને મ્હોં મીઠું કરાવી પુસ્તકો અને યુનિફોર્મ જ્યારે ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં એ/૧ ગ્રેડ મેળવનારને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ચારુતર વિદ્યામંડળ દ્વારા રૂ.૨૯,૪૦૦/- ની રકમ ધો.૧૦માં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર બે દીકરીઓ અને જરૂરિયાતમંદ પરિવારની ચાર દીકરીઓની ફી સહાયનો ચેક શાળાને અર્પણ કર્યો હતો. શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. ડૉ.અવંતિકાસિંઘ દ્વારા વાલી મીટીંગમાં દીકરીઓને શિક્ષણ અવશ્ય અપાવવા વાલીઓને હાકલ કરી હતી.

## ।। લઘુકથા ।।

## માવઠું

**હસમુખ કે. રાવલ**

ઓફિસ સુશીલને સહીઓ લેવા રોજ કેબીનમાં જવું પડતું. કેબીનમાં ફાંદવાળો બોસ અને કમ્પ્યુટર પર ટક ટક કરતી લટકાળી પિંકી દેખાય. સુશીલે બોસ-ટાઈપ ગર્લની અનેક ગંદી વાર્તાઓ વાંચેલી. સાથીઓ પણ કેશિયર અને ચપરાસી બાઈની એવી જ વાતો કરતા. સુશીલ પણ પેન નીચે મૂકી તેમની હસીમજાક જોતો રહેતો.

સાંજે ઓફિસથી છૂટી બસસ્ટેન્ડ આવતાં સુધીમાં સુશીલના મનમાંથી ઓફિસ, બોસ-પિન્કી, કેશિયર-ચપરાસીબાઈ બધાં ખંખેરાઈ ગયાં.

હવે ચિંતા હતી, ૬:૩૫ની સીટી-બસ આવશે કે નહીં, આવશે તે લેશે કે નહીં. હાશ, બસ આવી ને મળી ગઈ, બારીવાળી સીટ પણ.

પણ ન વીજળી, ન ગડગડાટ ને ધીમો વરસાદ ચાલુ થયો. માગશરનું માવઠું. એ બારી બંધ કરવા ગયો ત્યાં રોડ પર પત્ની પૂર્વી દેખાઈ. પૂર્વી અને પૂર્વરાગ એક છત્રીમાં ચાલતાં દેખાયાં. સુશીલ વળીને જુએ એ પહેલાં બસ વળી ગઈ.

અરે ! બગીચાના દરવાજે પણ પૂર્વીને પૂર્વરાગ ! ધૂણી આંકતા ખુમચામાંથી ગરમ-ગરમ સીંગ ખરીદતાં હતાં. એ જ ભૂરી ટપકાવાળી સાડી ? અને પૂર્વરાગનું એ જ  શર્ટ. પણ પહેલાં જોયેલું એ શર્ટ હતું કે ઝભ્ભો હતો ? છત્રી તો જાણે એ જ હતી, કાળી.

વળી ગણપતિ મંદિર આગળ પણ બંને જણાં ફૂલ-નાળિયેર ખરીદતાં હતાં. પૂર્વીની સાડી ભૂરી પણ ટપકી ગુમ ! પૂર્વરાગનું સેફ્રોન શર્ટ ને ફૂલોવાળી છત્રી ! હેં ફૂલોવાળી ? હા !.... વરસાદ નથી, પણ ઝીણી ઝરમર ચાલુ છે, હલકાં ફોરાં.

ટ્રાફિકમાં અટવાતી બસ, લગભગ દસેક કિલોમીટર ચાલી. વળાંકે વળાંકે એકનું એક દશ્ય જુદા જુદા રંગ આકાર ધારણ કરતું હતું. તેમાં  સાડી, શર્ટ, છત્રીને વરસાદનાં નખરાં પણ ખરાં.

આખર ઘરનું સ્ટેન્ડ આવ્યું. સુશીલ દોડ્યો.

ઘેર પહોંચ્યો તો એણે ખરીદેલી ટપકીવાળી એ જ આકાશી રંગની લહેરાતી સાડીના હાથમાં પાણીનો ગ્લાસ !

બી-૪૦૮, બંધન, જી.એચ.બી કોમ્પલેક્ષ,
અંકુર બસ સ્ટેન્ડ નજીક, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩, (મો) ૯૬૦૧૨ ૯૪૬૬૫
Email : h k raval@yahoo.co.in

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટારના કેમિકલ સાયન્સના વિદ્યાર્થીઓને પીએચડીની ડિગ્રી એનાયત થઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટારના કેમિકલ સાયન્સના વિદ્યાર્થીઓ રુદ્રેશ ત્રિવેદી, કૌશલ શાહ અને પ્રિન્સ પટેલને તાજેતરમાં રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચડીની ડિગ્રી પ્રાપ્ત થઈ છે. રુદ્રેશ ત્રિવેદીએ ડો. મહેન્દ્રસિંહ રાજ, કૌશલ શાહે ડો. રોહિત દવે તથા પ્રિન્સ પટેલે ડો. મંદાર કર્વેના માર્ગદર્શન હેઠળ સંશોધન હાથ ધરીને સંસ્થાને તેમજ યુનિવર્સિટીને ગૌરવ પ્રદાન કર્યું છે. આ સિદ્ધિ બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ તથા કોલેજ સંયોજક ડો. જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને તેમજ પીએચડી માર્ગદર્શકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

 ISSN 0976-9609

## ॥ વાર્તા ॥

### ભેખ...

યોગેશ પંડ્યા

રાત્રીના બાર, સાડા બાર જેવું થયું હતું. મેઘલી રાત જામી હતી અને ઉપરથી ધોધમાર વરસાદ, એક પળ પણ થંભ્યા વિના રમઝટ બોલાવતો હતો. મોસમનો પહેલો વરસાદ હતો, એટલે હવે રોક્યો રોકાય એમ નહોતો.

દયાશંકર ફળિયામાં બનાવેલી પતરાવાળી ઓરડીની અંદર સૂતો સૂતો મોટાભાઈ રામશંકરની રાહ જોતો જોતો ચિંતા કરતો હતો કે એક તો આ રાત અને વરસાદ... ?? ભાઈ ક્યાં પહોંચ્યો હશે ? ગયો છે તો બે ચાર ગાઉ દૂર કુંભલગઢ જ, પણ વચ્ચે આવતી સોનમતી નદી ગાંડીતૂર જેવી છે  નહીંને ક્યાંક...? એક ખરાબ વિચાર તેને હલબલાવી ગયો. સોનમતીમાં સોંસરો તો નહીં પડ્યો હોય ને ?!!

તેના શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું અને આવા વરસાદી વાતાવરણમાં પણ તેના કપાળે પરસેવો વળી ગયો અને પરસેવો વળી જ જાયને ? રામશંકર તો 'મા જણ્યો' ભાઈ હતો. મોટોભાઈ હતો અને મા-બાપુ જાત્રાએ ગયા અને બદ્રીનાથ, કેદારનાથ વચ્ચે ગામની જાત્રાળુની બસ ગંગાનદીમાં ખાબકી ત્યારે તો પોતે બાર વરસનો જ હતો. પણ ,અઢાર વરસના મોટાભાઈએ જ તેને જાળવી લીધો હતો અને ખુદ મા-બાપ બનીને તેને મોટો કર્યો હતો.!

ભલે બા-બાપુ નહોતા પણ રામશંકરે કદી પણ તેને બાપનો અભાવ આવવા દીધો નહોતો અને હવે મોટાભાઈના લગ્ન પણ થઈ ગયા છે. દેખાવડી, રૂપાળી ભાભી પણ આવી છે અને છે પણ માયાળુ ! બંને ભાઈઓ વચ્ચે કોઈ દિવસ વારોતારો કરતી નથી. સ્ત્રી વગરનું ઘર હવે હસતું થયું છે. ઘરમાં ભાભીની ઝાંઝરીની મીઠી રણઝણ આખો દિવસ સંભળાયા કરે છે અને ભાઈનું નસીબ પણ જાણે લગન પછી તો ખૂલી જ ગયું છે. !

કારણ કે પહેલા તો ખાલી ગામ પૂરતું જ ગોરપદું ચાલતું હતું અને એમાં માંડમાંડ બે જણાનું પૂરું થતું હતું. પણ ઘરમાં ભાભી આવ્યા પછી આસપાસના ચાર-પાંચ ગામમાંથી ભાઈને લગ્ન જેવા માંગલિક કાર્યો, યજ્ઞ, હવન, રાંદલ, કથાવાર્તા કરવા માટે બોલાવાય છે. પોતાને તો આ કશું આવડતું નથી. પોતે તો ખાલી ગામમાં જઈને એક ટાઈમ લોટ માગી આવે છે. બાકી તો આ બધા કર્મકાંડમાં ભાઈની હોશિયારી છે એટલે તો લોકચાહના વધી છે. પણ દયાશંકરને થાય છે કે, આ તો ભાભી આવ્યા પછીના ભાઈના ભાગ્ય ખૂલ્યાં છે. ઘરમાં 'ભાભી' નહીં પણ ગૃહલક્ષ્મી આવ્યાં છે... !

અચાનક તેનું ધ્યાન સામે ગયું. કમાડ અધખુલ્લું અને ત્યાં ભાભી સૂતાં હતાં.

જોકે, લગ્ન પહેલાં તો બંને ભાઈઓ એક જ ઓરડામાં સૂતાં હતાં. ભાઈના લગ્ન પછી પોતે જ આ પતરાની ઓરડી બનાવી છે અને આખો દિવસ એ અહીં જ પડ્યો-પાથર્યો હોય છે. ઓરડીની અંદર ખાટલો ઢળાય એટલી જગ્યા છે. તેલના ડબાના પતરામાંથી એક દરવાજો બનાવ્યો છે. મોડીરાત પછી દરવાજો દઈને એ સૂઈ જાય છે પણ હમણાંથી ભાઈને ખૂબ કામ આવે છે. લગભગ, ભાઈ મહિનામાં બે કે ત્રણ દિવસ જ ઘરે હોય છે. બાકી તો આસપાસના ગામમાં કથાવાર્તાનું ચાલુ જ રહેતું હોય છે અને બધા ગામ ચાર-પાંચ ગાઉના પલ્લે છે એટલે વળતા આવતા ય સામાન્ય રીતે બેથી ત્રણ વાગી જાય છે. આજે પાછી એ જ પરિસ્થિતિ છે. કદાચ ભાઈને સવાર જ પડશે.

- માટીની સુગંધ ક્યાંકથી વહી આવી. દયાશંકર એ સુગંધને ક્યાંય લગી માણતો રહ્યો. વીજળી સબાકા લેતી હતી. મેઘરવો મન ભરીને મંડાયો હતો. વરસાદ સાંબેલાધારે વરસતો હતો. દયાશંકર, મોસમના  વરસાદની મજા લઈ રહ્યો હતો કે, ત્યાં જ અચાનક સામેથી ઓરડાનું કમાડ ઊઘડ્યું. દયાશંકર

બેઠો થઈ ગયો 'ભાભી ?'

અંદરથી રમીલા બહાર આવી. ફાનસના ઝલમલ અજવાશમાં દયાશંકર સામે તાકી રહી. ઓરડીમાં ફાનસ ટીંગાડેલું હતું અને ઓરડીમાં અજવાળું ઝળહળ થતું હતું અને એ અજવાળામાં દયાશંકરનો કસાયેલો દેહ રમીલાને ચોખ્ખો દેખાતો હતો.

દિયર-ભાભીની જાણે ચાર નજર ભેગી થઈ. તો, દયાશંકરના પંડયમાંથી આ ઉપર સળાવા લેતી વીજળી જેવું જ કશુંક ઝબકી ગયું. રમીલા પગથિયાં ઉતરીને આ બાજુ દોડી આવી અને દયાશંકર જે ખાટલા ઉપર બેઠો હતો ત્યાં આવીને બેસી ગઈ.

'અરે, ભાભી, તમે?' દયાશંકર બેઠો થઈ ગયો અને ટૂંટિયું વાળીને બેઠો થઈ ગયો 'મારા ભાઈ હમણાં જ આવશે.'

જવાબમાં રમીલા કટાક્ષભર્યું હસી : 'હમણાં ? અને એય પાછા આજે ? અરે, તમારા ભાઈ પરણીને આવી તે દિ'થી કોઈ દિ' ટાઈમે આવ્યા છે તે આજે આવશે ? પરણ્યા પછીની એકેય રાત એમણે નિરાંતે મને આપી નથી. દેરજી... અને તમે ઠાલા આશ્વાસનનાં પડીકાં કાં બંધાવો છો?' બોલતા બોલતા નજીક સરકી 'મારી ઉંમર કાંઈ એવડી મોટી નથી થઈ ગઈ. બાવીસની જ છું. પણ તમારા ભાઈએ, તેની આ જુવાનજોધ બાવીસ વરસની પરણેતરને કોઈ દિ' આંખ ભરીને જોઈ નથી સમજ્યા ? એમને તો ભલાં એમના થોથાં અને ભલાં એમના કપાળના ત્રિપુંડ!' દયાશંકર કશું બોલ્યો નહીં. મૌન રહ્યો. એકંદરે ભાભીની વાત સાચી હતી. મોટાભાઈ કોઈ દિ' પ્રેમથી ભાભી સાથે બેઠા નથી.

'જુવાન સ્ત્રી છું. વરસાદ છે. પણ એકલી છું. દેવરજી. મારા દેહના દરદની વાત કોને કહું ?' બોલતાં બોલતાં એણે દયાશંકરનો હાથ હાથમાં લીધો. દયાશંકર હાથ મુકાવતા ધ્રૂજી ઊઠ્યો 'ભાભી, આ શું કરો છો ?'

'જે તમારે કરવાનું છે દેવરજી !! દરિયાની આશા તો નથી પણ આજની રાત ખોબાનું સુખ તો આપો. તમારી ભાભીનો ઓરડો તમને બોલાવે છે... બસ, એકવાર આવો. બીજી ફેરા ક્યારેય નહીં કહું...'

જવાબમાં દયાશંકરે હડધૂત કરી નાખતા તેને પાઈની કરી નાખી. 'મારી નફ્ફટ ભાભી, હલકટ ભાભી !! તારા મોઢે આ હું શું સાંભળું છું ?'

– જવાબમાં રમીલા રડતી રડતી ઓરડામાં ચાલી ગઈ અને ધડામ્ કરતું બારણું બંધ કરી દીધું ! છેક વહેલી સવારે છ વાગ્યે મોટાભાઈ આવ્યા. દયાશંકર, મોટાભાઈ રામશંકરની સામે જોઈ શક્યો નહીં. તૈયાર થઈને ગામમાં લોટ માંગવા હાથમાં બે થેલી લઈને નીકળી ગયો.

બાર વાગ્યે પાછો આવ્યો. ખીંટીએ લોટની થેલી ટીંગાડી, એ જ ભેળા ખુલ્લા બરડામાં એક સામટી કડિયાળી ડાંગના સાત ઘા પડયા. 'હરામી, મા જેવી ભાભીનું નામ લીધું ? તારી જબાનમાં જીવડાં ન પડયા ?'

દયાશંકરની આંખમાં આંસુ ધસી આવ્યા. બે હાથ જોડીને બોલ્યો, 'મોટાભાઈ, તમારી નજરે કસૂરવાર છું પણ આપણી માના સમ ખાઈને કહું છું કે, હું નિર્દોષ છું. મેં મારી ભાભીનું નામ લીધું હોય તો આપણાં બાપ જુદા હોય...'

'ના...! આ પહેલીવારનું નથી. આજથી દોઢ મહિના પહેલાંય તું, તારી ભાભી નહાતી હતીને, નાવણિયામાં જઈ ચડ્યો હતો. એ તો સતની દેવી છે, એટલે તારાથી એનો તાપ જીરવાણો નહીં એટલે પાછો પડયો... પણ નાનકા, મેં તને આવો હલકટ નહોતો ધાર્યો...'

નાનકો થોડામાં ઘણું સમજી ગયો. ભાઈને પગે લાગી પહેર્યે કપડે નીકળી ગયો. કોઈ સાચા જોગી મળ્યા હશે, તે સલાહ આપી, 'આમ આ લૂગડે દરબદર ભટકીશ તો કોઈ ખાવાનુંય નહીં આપે. એના કરતા ભગવાં ચડાવી લે. મનની શાંતિ પણ મળશે અને બે ટંક જમવાનું પણ નીકળી જશે.'


ISSN 0976-9609

દયાશંકરને વાત સાચી લાગી. ગોકુળ, મથુરા, વૃંદાવન, હરદ્વાર, બદ્રીનાથ, કેદારનાથ, આખું ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ ફરી વળ્યો. દિવસો ઉપર મહિના અને મહિના ઉપર વરસો વીતવા લાગ્યા.

દસ-બાર વર્ષે પોતાની ભૂમિ યાદ આવી. ફરતાં ફરતાં છેક પોતાના ગામની બાજુના જ ગામમાં આવી ચડયો. હનુમાનજીની દેરીમાં બેઠો. ગામલોકો વાણી સાંભળવા આવ્યા. અનુભવનું ભાથું અને લોહીના સંસ્કાર તો હતા જ. ગામ લોકોને મજા આવી ગઈ. એને રોકી પાડયો.

એક દિવસ બે જણાં વાત કરતા હતા 'હૂબહૂ રામભા ગોર જેવા લાગે છે પણ અરેરે... ! બિચારું ભગવાનનો માણસ હતો. કેમ કરતા દેવ થઈ ગયો એ જ ખબર ન પડી...'

દયાશંકરને ધ્રાસ્કો પડ્યો 'કોણ, ભાઈ?' એમણે પેલાને બોલાવ્યા અને પૃચ્છા કરી. તો પેલા બંને કહે 'હા મહારાજ તમે દાઢી કાઢી નાખો તો અદ્દલોઅદ્દલ રામુ ગોર જેવા જ લાગો છો. આજે તમને જોયાને, એટલે રામુભાઈ યાદ આવી ગયા. પણ તમને શું કહીએ ? શું થયું, કાંઈ ખબર જ ન પડી. હમણાં છએક મહિના પહેલા જ... રામુગોર દેવ થઈ ગયા.' અને પછી સાવ ધીમેકથી કહે, ''બાઈ પણ સાવ નક્કામની જ નીકળી..!!''

- દયાશંકરના પગ નીચેથી જમીન સરકી ગઈ. બીજે દિ' દિવસ ઊગ્યે એ પોતાના ઘરે આવી પહોંચ્યો. તો, એક આઠ વરસનો અને બીજો છ વરસનો એમ બંને છોકરા ફળિયામાં રમતા હતા. દયાશંકર એ છોકરાને તાકી રહ્યો. 'ઘરે કોઈ નથી ?' તેણે છોકરાવને પૂછ્યું. જવાબમાં છોકરા કહે 'બાપુ તો દેવ થઈ ગયા. પછી મા ક્યાં ગઈ એ ખબર જ નથી.'

દયાશંકરની આંખો ભીની થઈ ગઈ. થોડીકવારમાં જ ગામ ભેગું થઈ ગયું. સૌ કોઈ દયાશંકરને ઓળખી ગયા. ગામના મોટીયાર સામંત બાપુએ કહ્યું 'તું ગયો ત્યાર પછી તારો ભાઈ તારી ઉપર ફિટકાર વરસાવતો હતો એ ગામને પણ એવું જ લાગ્યું હતું પણ પછી રહેતા રહેતા રામશંકરને બધી ખબર પડતી ગઈ. પછી તો ખૂબ પસ્તાયો પણ દયા, તારી ભાળ મળી નહીં. એમાં પાછી આવી ખૂંટલ અને કર્કશ પત્ની ! કંટાળીને ઝેર ખાઈ ગયો અને હજી તો રામશંકરનું બારમું પતે એના બીજે જ દિવસે તારી ભાભી એના યાર સાથે ભાગી ગઈ...અમે વિચાર્યું, કે આ છોકરાવનું કોણ? અમે ગામલોકોએ નક્કી કર્યું કે હવે આ છોકરાવને આપણે જ મોટા કરી દઈએ. કારણ કે રામશંકર જેવો માણસ દીવો લઈને ગોતવા નીકળીશું તોયે નહીં મળે. હવે આ છોકરા અમારાં જ છે. એમ સમજીને - ''

'ના, સામંતબાપુ... હું આવી ગયો છું અને ગમે એમ તોય મારા ભાઈનું લોહી છે. આ ભેખ પહેરીને દરબદર પૂજાપાઠ દેવદેરાના દર્શન કરીને મારે આખરે શું મેળવવું છે? એના કરતાં આ છોકરાને મોટા કરી દઉં, તો એ મોટો ભેખ જ કહેવાશે.' એમ બોલતા બોલતા હાથ લાંબા કર્યા લોહીનું ખેંચાણ બોલ્યું. બંને છોકરા કાકાની પાંખમાં આવી ગયા.

દયાશંકરે ત્યાં ને ત્યાં જ ભેખ ઉતારી દીધો !!

૧૪૧, શિવનગર (જૂના), તળાજા રોડ,
કામધેનુ મરચાવાળી ગલી,
ભાવનગર-૩૬૪૦૦૨. (મો) ૯૨૬૫૦૬૮૫૨૭.

***ખુશી કોઈ તૈયાર વસ્તુ નથી, તે તમારા પોતાના કાર્યોથી આવે છે.***
***જે વ્યક્તિ પોતાની ભૂલોમાંથી શીખે છે તે સાચો જ્ઞાની છે.***

## ॥ કલા-સંસ્કૃતિ ॥

## સાડેલી કલા કાષ્ઠકલામાંથી લુપ્ત થઈ રહેલી સંસ્કૃતિ

**સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ**

તાપી, નવસારી અને સુરતની ઈન્ટલએક્યુઅલ પ્રોપર્ટી ઓફ ઇન્ડિયા દ્વારા ભૌગોલિક ઉપદર્શન (GI ટેગ) રજિસ્ટ્રેશન થયેલી અને ઇંગ્લેન્ડ અને ઈરાન જેવા અનેક દેશોના મ્યુઝિયમોમાં સચવાયેલી કાષ્ઠ નિર્મિત સાડેલી કલાએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. આ કલા સાત સદીઓ જૂની પ્રખ્યાત પરંપરા ધરાવે છે; જે ઐતિહાસિક મહત્ત્વને ઉત્કૃષ્ટ કલાકૃતિ સાથેના સંબંધનો ખ્યાલ આપે છે. જોકે, આ કલાનું સંવર્ધન કરવું એ સમયની તાતી જરૂરિયાત છે; કેમ કે તેને ભારતીય લુપ્ત થતી કળાઓની યાદીમાં સ્થાન મળી ગયું છે અને આખા ભારતમાં એક જ પરિવારનો એક જ કારીગર કલાને સાચવી રહ્યો છે.

### સાડેલીનો ઉદ્ભવ અને વિકાસ :

સાડેલી કલાનો ઉદ્‌ભવ ઈરાનના પાર્સ પ્રાંતમાં ખાતમ-કારી કે ખાતમ-બંદીના નામે થયો હતો. તે પર્શિયન કલા સ્વરૂપ છે. આ કલા પર્શિયન સંસ્કૃતિની જટિલ કારીગરી અને સૌંદર્યલક્ષી સુસંસ્કૃતતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ માર્કેટરી કલામાં લાકડાના પદાર્થોની સપાટીને લાકડા, હાડકા, ધાતુ અને ક્યારેક શેલ અથવા હાથીદાંતના નાજુક ટુકડાઓથી બનેલા કાળજી-પૂર્વક રચાયેલા ભૌમિતિક પેટર્નથી શણગારવામાં આવે છે. તેમાં આકારોનું એક મંત્રમુગ્ધ કરનારું મોઝેક બનાવવામાં આવે છે, જે ઘણીવાર તારાઓની પેટર્ન, બહુકોણ અને ટેસેલેશન બનાવે છે. આ કલામાં ચોકસાઈ અને કલાત્મક સુંદરતા ખૂબ મહત્ત્વની છે. આ ડિઝાઇન ફારસીત્વને પ્રતિબિંબિત કરે છે. તેમાં ઇસ્લામિક ભારને ધ્યાનમાં રાખીને ગાણિતિક ચોકસાઇને મૂર્તિમંત કરે છે. સામાન્ય રૂપરેખાઓમાં આઠ-દસ પોઇન્ટેડ તારાઓ, ષટ્કોણ અને ઇન્ટરલોકિંગ આકારો શામેલ છે. જે અનંત પુનરાવર્તનની ભાવના બનાવે છે, જે બ્રહ્માંડની અનંત પ્રકૃતિનું પ્રતીક છે.

ખાતમ-કારી કલાનાં મૂળ ૭૦૦ વર્ષથી વધુ સમય પહેલાંનાં છે. આ કલામાં બાયઝેન્ટાઇન સામ્રાજ્ય સહિતની અગાઉની કલાત્મક પરંપરાઓનો પ્રભાવ જોવા મળે છે. તેથી વિદ્વાનો નોંધે છે કે, આ કલા બાયઝેન્ટાઇન સમય દરમિયાન વિકસિત પ્રોટોટાઇપમાંથી વિકસિત થઈ હશે; જેમાં સ્થાપત્ય અને સુશોભન કલામાં સમાન ભૌમિતિક જડતરનો ઉપયોગ કરવામાં આવતો હતો. ઈ.સ. ૧૩મી સદીમાં બંધાયેલા રોમમાં લેટેરાનોમાં સાન જીઓવાન્નીના મઠમાં વિસ્તૃત ભૌમિતિક પેનલથી શણગારેલી કબર છે. રોમમાં સાન લોરેન્ઝો ફુઓરી લે મુરા ચર્ચ તુલનાત્મક પેટર્ન દર્શાવે છે. આ ડિઝાઇનો ઓવેન જોન્સના ગ્રામર ઓફ ઓર્નામેન્ટના પ્લેટ ૩૦ માં પણ દસ્તાવેજીકૃત છે. જેમાં ખાતમકારી કલાને બાયઝેન્ટાઇન સમયગાળાના હોવાનું વર્ગીકૃત કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે આ કલા ઐતિહાસિક સાતત્ય ધરાવે છે.

ખાસ કરીને ખાતમ-કારી કલા ઇસ્લામિક સમયગાળા દરમિયાન એક વિશિષ્ટ કલા સ્વરૂપ તરીકે પર્શિયામાં વિકસી હતી. આ કલામાં કારીગરી દષ્ટિની રીતે જટિલ છતાં આકર્ષક ડિઝાઇન બનાવવામાં આવતી હતી. તે ઇસ્લામિક કલાત્મક સિદ્ધાંતોનું પાલન કરતા હતા. તેમાં ક્યારેક બિન-અલંકારિક પેટર્ન અને ભૌમિતિક સમપ્રમાણતાને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. સમય જતાં, પર્શિયન કારીગરોએ આ કલાને સુધારીને સ્થાનિક સામગ્રી અને સાંસ્કૃતિક રૂપરેખાઓનો સમાવેશ કરીને અજોડ જટિલ કલાકૃતિઓ તૈયાર કરવાનું અદ્‌ભૂત કાર્ય કર્યું હતું.

### સાડેલી કલા નિર્માણ અને નામકરણ :

સાડેલી એટલે લાકડાં ઉપર અતિ બારીક નકશીકામ અને એ પણ બધું ભૌમિતિક આકારમાં, લાકડાંની પાતળી પટ્ટી કાપી એને એકમેક સાથે જોડી એમાંથી ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે.


ISSN 0976-9609

ભૌમિતિક આકાર ધરાવતી લાકડાંની એકદમ બારીક લાંબી પટ્ટીઓને કારી ભેગી કરીને તેની પાતળી લાકડીઓની જોડ બનાવવામાં આવે છે. તે પાતળી લાકડીઓ બે ફૂટ કે એનાથી પણ લાંબી હોય છે. ત્યારબાદ તેને ઉપરથી આડી રેખામાં એકદમ પાતળી કાપવામાં આવે છે. લાકડાંની પાતળી જોડ તૈયાર કરવા અગાઉ ચંદન, સપ્પન, સીસમ ઇત્યાદિનો ઉપયોગ થતો હતો. જોકે, હવે સીસમ, સપ્પન કે સાગનો વપરાશ વધ્યો છે. આ કળા એનું બારીક કાર્ય જોવાથી જ વધુ સમજાય છે. એનાં એક-એક બૉક્સમાં દેખાતી દરેક ડિઝાઈન માટે અલગથી કામ થાય છે. અતિ સૂક્ષ્મ પૅટર્નની ડિઝાઈન બનાવ્યા પછી એને જોડવામાં આવે છે. આ એક ખૂબ જટિલ અને નાજુક પ્રક્રિયા છે; જે ખૂબ ધીરજ સાથે સાચવેતી રાખીને કરવી પડે છે.

સાડેલી કલાનો ઉદ્ભવ ઈરાનના પાર્સ પ્રાંતમાં ખાતમ-કારી કે ખાતમ-બંદીના નામે થયો હતો. તે પર્શિયન કલા સ્વરૂપ છે. તે નામ સમજવામાં અને બોલવામાં અઘરું લાગતાં તેને માર્કેટરી કલા અને ત્યારબાદ સાડેલી કલાના નામે ઓળખાવવા લાગ્યા. આ સાડેલી કલા કે ખાતમ-કારી માર્ક્વેટ્રીનું એક સંસ્કરણ છે. તેને જડાવકામ પણ કહેવામાં આવે છે. બાંબુની સાદડીમાં ભૌમિતિક આકારો છે; એ જ રીતે સાડીમાં બ્લોક પ્રિન્ટ, અજરક વર્ક, પટોળા, બાંધણી વર્કની ભાત આ હસ્તકલાને મળતી આવતી હોવાથી સાદડી અને સાડીનું કોમ્બિનેશન કરીને આ કલાને સાડેલી નામ આપવામાં આવ્યું હતું.

સાડેલી કલામાં શરૂઆતમાં માત્ર કાષ્ઠકલામાંથી બોક્ષ જ બનાવવામાં આવતાં હતાં. પરંતુ હવે તેમાં વૈવિધ્ય આવ્યું છે. વર્તમાન સમયમાં કાસ્કેટ બોક્ષ, પૂજા પેટી, ટી-કોસ્ટર, પેન સ્ટેન્ડ, લેટર હોલ્ડર, ટેબલ કેલેન્ડર, નાઈટ લેમ્પ, ટીસ્યુ પેપર બોક્ષ, રાઈટીંગ ડેસ્ક, મોમેન્ટો અને ફર્નિચર પણ બનાવાય છે.

સાડેલી કલામાં વિવિધ વસ્તુઓ મુકવાના બોક્ષ બનાવવામાં આવે છે. જેમાં સન્માનપત્ર મુકવા માટે કાસ્કેટ બોક્ષ, રૂમાલ ગીફ્ટ કરવાના રૂમાલ બોક્ષ, પૂજાનો સામાન રાખવા માટે પૂજાપેટી, શ્રુંગારની વસ્તુઓ રાખવા માટે માટેના ડ્રેસિંગ બોક્ષ, પેન-પેન્સિલ બોક્ષ, ટૂલ્સ બોક્ષ, જ્વેલરી બોક્ષ, મની બોક્ષ જેવા અનેક પ્રકારના બોક્ષ એટલે કે પેટીઓ બનાવવામાં આવે છે. આવી પેટીઓ બનાવનારા સમયાંતરે પેટીગરા કહેવાયા.

**ખાતમ-કારી (સાડેલી) કલાનો સુવર્ણ યુગ :**

ખાતમ-કારીની કલા ઈરાનમાં સફવિદ રાજવંશના શાસનકાળ ઈ.સ. ૧૫૦૧ થી ઈ.સ. ૧૭૩૬ દરમિયાન વિકસિત થઈને તેની પરાકાષ્ઠાએ પહોંચી હતી. આ સમયને ખાતમ-કારી કલાના સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. તે સમયમાં ઇસ્ફહાન, શિરાઝ અને કર્માન જેવા શહેરો ખાતમ-કારી માટે જીવંત કેન્દ્રો બન્યા. આ કેન્દ્રોમાં કુશળ કારીગરોએ તેમની કારીગરીને વધુ સારી બનાવી અને કાર્યાત્મક અને સુશોભન બંને વસ્તુઓને શણગારેલી શ્રેષ્ઠ કલાકૃતિઓ બનાવી.

સફવિદ રાજવંશની રાજધાની ઇસ્ફહાનમાં ફર્નિચર અને બોક્સથી લઈને સંગીતનાં સાધનો અને સ્થાપત્ય તત્ત્વો સુધીની દરેક વસ્તુને કલાથી અલંકૃત કરવામાં આવતી હતી. દરેક શૈલી અને કલામાં પ્રાદેશિક ભિન્નતા વિકસાવતા હતા. વૈભવના પ્રેમ માટે જાણીતા સફવિદ રાજવંશનાં શાસકોએ તેમના મહેલો, મસ્જિદો અને જાહેર ઇમારતોને જટિલ ખાતમ-કારીથી અલંકૃત કરીને કલા સ્વરૂપને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું. સફવિદ યુગના ખાતમ-કારીના ઉત્તમ નમૂનાઓ તેહરાનના સાદાબાદ પેલેસ અને માર્બલ પેલેસમાંથી મળે છે. જેના રૂમ ઉત્કૃષ્ટ જડિત પેનલોથી શણગારેલા છે. તે ભૌમિતિક પેટર્ન, ફૂલોના મોટિફ્સ અને અરેબેસ્ક સાથે જોડાયેલા છે; જે સંવાદિતા અને ભવ્યતાની ભાવના દર્શાવે છે. તે

બનાવવા માટે જરૂરી ચોકસાઈ રાખવામાં આવી છે અને તેમાં ઘણીવાર હજારો નાના ટુકડાઓ એકીકૃત કરીને ફીટ કરવામાં આવ્યા છે. તે દર્શાવે છે કે, કારીગરો અસાધારણ કુશળતા ધરાવતા હતા. આમ, સફવિદ રાજવંશ દ્વારા ખાતમ-કારીને પ્રોત્સાહન આપવામાં આવતાં, તે વિકસિત થઈને તેની પરાકાષ્ઠાએ પહોંચી હતી.

**સાડેલી કલાનું ભારતમાં આગમન અને વિકાસઃ**

સાડેલી કલાનું ઉદ્‌ભવસ્થાન ઈરાનનો પાર્સ પ્રાંત છે. ઈરાન અને ભારત વચ્ચે આદિકાળથી સંબંધો રહ્યા છે. બંને દેશોના લોકો અવારનવાર એકબીજાની મુલાકાત લેતા આવ્યા છે. ઈરાનના જરથોસ્તી ધર્મના લોકો પોતાના ધર્મના રક્ષણ માટે વતન છોડીને અલગ-અલગ વિસ્તારોમાં વસવાટ કરવા માટે પહોંચી ગયા હતા. તેઓ પર્શિયાના હોઈ પારસી તરીકે ઓળખાયા. તેઓ સૌ પ્રથમ સંજાણ બંદરે ઉતર્યા હોવાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પરંતુ તેનો કોઈ ચોક્કસ સમય જાણવા મળતો નથી. પરંતુ ઈ.સ. ૧૬૦૦ માં નવસારીના બેહમન કૈકોબાદ સંજાણા ફારસી કાવ્ય કિસ્સએ-સંજાન તેમના આગમનના ઐતિહાસિક પ્રસંગની પ્રચલિત અનુશ્રુતિ નોંધી છે. તેમના આગમનના વર્ષમાં મોટાભાગના વિદ્વાનો પારસીઓ સંજાણમાં ઈ.સ. ૯૩૬ના વર્ષમાં જાદિ રાણાના સમયમાં આવીને વસ્યા એવો મત વ્યક્ત કરે છે. આ પારસીઓ કિસ્સએ-સંજાન મુજબ, ધીમે-ધીમે નવસારી, વાંકાનેર, ભરૂચ, વરિયાવ, અંકલેશ્વર અને ખંભાત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારો અને મુંબઈમાં જઈ વસ્યા. પારસીઓએ સ્થાયી થયા પછી પશ્ચિમ ભારતના સાંસ્કૃતિક અને રાજકીય વિકાસ સહિત અનેક ક્ષેત્રોમાં અગ્રણ્ય ભૂમિકા ભજવી હતી.

તેઓ પર્શિયાથી ખાતમ-કારી કલાને સાથે સંજાણમાં લઈને આવ્યા હતા. ત્યાંથી જ્યાં પારસીઓ ફેલાયા ત્યાં એમની કલા પણ પહોંચી. પારસીઓ ખાતમ-કારી કામ ભારતમાં શરૂ કર્યું અને એ રીતે ભારતના કારીગરો પાસે આ કલા પહોંચી. તેઓ સાડેલી કલા દ્વારા ઘરનાં ફર્નિચર કે બારી-બારણાં ઇત્યાદિ તૈયાર કરવા લાગ્યા હતા. તત્કાલીન વર્ષોમાં તેની ડિઝાઈન ઘણી મોટી હતી. સમયાંતરે આ ડિઝાઈન નાની થતી ગઈ. પહેલાં એક ચોરસ ઇંચમાં ૨૫ થી ૩૦ જેટલા લાકડાના નાના ટુકડાઓ સમાતા. વર્તમાનમાં એક ઇંચમાં ક્યારેક ૫૫૦ જેટલા લાકડાના નાના ટુકડાઓનો સમાવેશ કરવામાં આવે છે. પુરોગામી કારીગરોના કામને વધુ ઝીણવટભર્યું બનાવવામાં આવ્યું છે.

પારસીઓ પાસેથી ભારતીય કારીગરો સાડેલી કલા શીખવા માંડ્યા. પરિણામે, ઈ.સ. ૧૮૭૭ માં ૬૦ જેટલાં કારખાનાંઓમાં કાર્યરત હતાં. તેમાં કેટલાક કારખાનાંઓમાં સુખડનાં લાકડાં પર નકશીકામ કરવામાં આવતું હતું. કેટલાંક કારખાનાંઓમાં ઘરના બધા જ સભ્યો સાડેલીનું કામ કરતા હતા. આખરે, હીરા ઉદ્યોગની શરૂઆત થતાં ધીમે-ધીમે કારીગરોની સંખ્યા ઘટવા લાગી અને સાડેલી કલાની લુપ્ત થવાની શરૂઆત થઈ.

**સાડેલી કલાની ડિઝાઇન અને કલાકૃતિની રચનાઃ**

સાડેલી કળા એ લાકડાં પર થતું ઝીણું નકશીકામ જેવું જ છે. પણ એમાં કોતરણી નથી. વિવિધ આકારને ભેગા કરવામાં આવે છે. તમામ નકશીકામ ભૌમિતિક આકારોમાં જ હોય એ એની પૂર્વશરત. આ કળાના નમૂના જોતાં પહેલી નજરે એ પેન્ટિંગ જેવા લાગે છે. પરંતુ હકીકતમાં એ એકબીજા સાથે બહુ નાજુક કામ કરીને જોડેલા હોય છે. દેખાવમાં તો એ સુંદર છે જ અને કોઈ પણ સમયે ભેટ તરીકે આપવા માટેનો પણ સારો (પણ મોંઘો) વિકલ્પ છે.

જડતરની વસ્તુઓની ડિઝાઇન ખૂબ જ વિસ્તૃત પ્રક્રિયા છે. સરેરાશ ગુણવત્તાના કાર્યમાં ક્યારેક પ્રતિ ચોરસ ઇંચ ૪૦૦ થી વધુ ટુકડાઓ હોય છે. વિવિધ રંગીન લાકડાં, હાથીદાંત, હાડકાં, પિત્તળ,

 ISSN 0976-9609

ચાંદી વગેરેના પાતળા સળિયાને લાંબા ગુચ્છોમાં એકસાથે ચોટાડવામાં આવતા હતા. જેનો ગોળાકાર, લંબચોરસ અથવા બહુકોણીય ક્રોસ-સેક્શન હોઈ શકે છે. ગુચ્છોને પાતળા ટુકડાઓમાં કાપીને અન્ય ટુકડાઓ સાથે જોડીને જટિલ પેટર્ન બનાવવામાં આવી હતી. દરેક ઘન સેન્ટીમીટરમાં આશરે ૨૫૦ ટુકડાઓ બાજુ-બાજુમાં, સુંવાળા, તેલયુક્ત અને પોલિશ્ડ થઈ શકે છે. લાકડાની સપાટીને લાકડાં, હાડકાં અને ધાતુના નાજુક ટુકડાઓથી સજાવીને કલા સ્વરૂપો બનાવવામાં આવે છે.

કલાકારો સાડેલી કલાની ઉત્તમ અને કિંમતી કલાકૃતિઓ બનાવતા હતા. તે કલાકૃતિ બનાવવા માટે લાકડામાં સોપારી, અખરોટ, સાયપ્રસ અને પાઈનનો ઉપયોગ કરતા હતા. આ સામગ્રીને પાતળા, વિસ્તરેલ સળિયા અથવા પટ્ટાઓમાં કાપવામાં આવે છે, ત્યારબાદ સળિયાને કાળજીપૂર્વક ગોઠવવામાં આવે છે અને એક મોટી ભૌમિતિક પેટર્ન બનાવવામાં આવે છે. તેને એકસાથે ચોટાડવામાં આવે છે, જે શમસેહ અથવા અન્ય પુનરાવર્તિત રૂપરેખા તરીકે ઓળખાતા નળાકાર અથવા પ્રિઝમેટિક બંડલ બનાવે છે. એકવાર બંડલ પૂર્ણ થઈ જાય, પછી તેને પાતળા વેનીયરમાં કાપવામાં આવે છે, જે અંદરની જટિલ પેટર્ન દર્શાવે છે. આ વેનીયર પછી લાકડાની વસ્તુ, જેમ કે બોક્સ, ફ્રેમ અથવા ટેબલની સપાટી પર લગાવવામાં આવે છે અને ચળકાટ પ્રાપ્ત કરવા માટે પોલિશ્ડ કરવામાં આવે છે. તેના કારણે ઉત્પાદન ટકાઉ અને દૃષ્ટિની રીતે આકર્ષક બને છે. જેમાં પેટર્ન પ્રકાશ અને દૃષ્ટિના ખૂણાના આધારે બદલાતા અને ચમકતા હોય તેવું લાગે છે. આ કલા દ્વારા દરવાજા અને બારીઓ, અરીસાની ફ્રેમ, કુરાન બોક્સ, જડિત બોક્સ, પેન અને પેનહોલ્ડર્સ, ફાનસ અને મંદિરો તૈયાર કરાતા હતા. પવિત્ર સ્થળોના દરવાજાઓની સજાવટ મુખ્યત્વે જડિત રચનાઓથી બનેલી હોય છે.

બ્રિટિશ લેખક અમીન જાફરે 'ફર્નિચર ફ્રોમ બ્રિટિશ ઇન્ડિયા એન્ડ સિલોનમાં' નામના પુસ્તકમાં સાડેલી કલા વિશે નોંધ લખી છે. તેઓ લખે છે કે, ગુજરાતની સાડેલીકલાના ઉત્તમ નમૂનાઓ રાણી વિક્ટોરિયા મ્યુઝિયમમાં સંગ્રહાયેલા છે. તેમાં બોમ્બે બોક્ષનો ઉલ્લેખ છે. આ બોક્ષનો સૌથી વધુ ઉપયોગ ૧૯મી સદીના બ્રિટિશકાળમાં થયો હોવાનું નોંધ્યું છે. તેઓ લખે છે કે, આ કલાની કૃતિઓ ખાસ કરીને મુંબઈ પ્રોવિન્સ એટલે કે મુંબઈથી અમદાવાદની વચ્ચે તૈયાર થઇ રહી છે.

**સાડેલી કલા લુપ્તતાને આરે :**

સાડેલી કલાની શરૂઆત થઈ ત્યારે અસંખ્ય કારીગરો કારખાનાંઓમાં કામ કરવા જતા હતા. તેના લીધે ઈ.સ. ૧૮૭૭ માં ૬૦ જેટલાં કારખાનાંઓમાં કાર્યરત હતાં. કારીગરો સાડેલી કલાની વધુ મહેનતવાળી નોકરી છોડીને હીરા ઉદ્યોગની ઓછી મહેનત અને વધુ આવકવાળી નોકરી તરફ આકર્ષાયા. તેના પરિણામે સાડેલી કલાના કારીગરોની સંખ્યા ધીમેધીમે ઘટવા લાગી અને સાડેલી કલાની લુપ્ત થવાની શરૂઆત થઈ. તે પછી સમયાંતરે સાડેલી કલાનાં બધાં જ કારખાનાં બંધ થઈ ગયાં અને છેલ્લે જીતેન્દ્ર પેટીગરાનું પ્રગતિ આર્ટ્સ નામનું એક માત્ર કારખાનું ચાલુ રહ્યું.

આજની તારીખે સુરતનો સૈયરપુરા-કાછિયા શેરી વિસ્તારમાં વસવાટ કરતો એકમાત્ર પેટીગરા પરિવાર પ્રગતિ આર્ટ્સમાં આ અદ્‌ભુત કલાને જીવંત રાખી રહ્યો છે. ઇન્ટિરિયર ડિઝાઈનરની સારી નોકરી છોડીને પૈતૃક વ્યવસાયમાં જોડાયેલા રાકેશભાઈ પેટીગરા સાડેલી કલાના એકમાત્ર કારીગર છે. જેઓ અમૂલ્ય કલાનું સંવર્ધન કરી રહ્યા છે અને એના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

હવે સમય છે આ કળાને સાચવી લેવાનો. કળા સચવાશે તો કારી પણ બચશે અને એમની સાથે કળા પણ. કામ કરનારા તો ગણ્યાગાંઠયા જ છે, પણ આ કળાને સમજનારા સુદ્ધાં બહુ ઓછા છે. વળી, સમજવાવાળામાંથી પણ ખરીદનારા કેટલા ? અત્યારે તો એની માંગ પણ મર્યાદિત છે. તેથી તેનો વિકાસ

અટકી ગયો છે. આ કળા હવે લુપ્ત થઈ રહી છે. એને સાચવવાની જવાબદારી સમાજે અને સરકારે જ નિભાવવી પડશે. આ સમય સાડેલી આર્ટનો પ્રચાર, પ્રસાર અને વિસ્તારનો છે. હવે એ કામ નહીં થાય તો આ કળા અત્યારે સુરતમાં છે એવું આવનારી પેઢી એ કળા સુરતમાં હતી એમ બોલતી થઈ જશે.

**References :**


1. Amin Jaffer https//www.amazon.in/Amin-Jaffer/e/B001JOJ912/ref=dp_byline_cont_book1, Furniture from British India and Ceylon, V&A Publications, 2001.
2. Cromwell, P.R.Modularity and Hierarchy in Persian Geometric Ornament. Nexus Netw J 18, 7-54, 2016.
3. Wulff, H. E., The Traditional Crafts of Persia. The M.I.T. Press, Cambridge, Massachusetts., 1966.

૪ 'ચિત્રલેખા' દીપોત્સવી અંક-૨૦૧૮



રિસર્ચ સ્કોલર,
હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ


## ॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં** પ્રસિદ્ધ ભારતીય આંકડાશાસ્ત્રી પ્રો. પી. સી. મહાલનોબિસની જન્મતિથિ ૨૯ જૂન, ભારત સરકાર દ્વારા **સને ૨૦૦૭ થી પ્રતિવર્ષ આંકડાશાસ્ત્ર દિવસ** તરીકે ઉજવવાનું નક્કી કર્યું તે ઉપલક્ષમાં શાળાના આચાર્યશ્રી અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ વિષય શિક્ષકો શ્રી જે. જે. મહેતા, શ્રી કે. એન. જોષી અને શ્રીમતી પી. આર. મિસ્ત્રી દ્વારા આયોજન કરવામાં આવ્યું. એસ. પી. યુનિ. ના આંકડાશાસ્ત્ર વિભાગના વડા પ્રો.ડો.ધર્મેશભાઈ રાયકુંડલીયાએ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી આંકડાશાસ્ત્ર વિષયના ખ્યાલો, વ્યવહારૂ ઉપયોગિતા અને મહત્ત્વ સમજાવ્યું હતું. જ્યારે કુ.તુલસી સરગરા અને કુ.પ્રિયાશી પરમારે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી શાળાના ૫૧મા વર્ષ પ્રવેશ** નિમિત્તે તા.૧૦-૦૭-૨૦૨૬ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી **ચતુર્થ રક્તદાન કેમ્પનું** સી.વી.એમ.ના પદાધિકારીઓની પ્રેરણા અને પ્રિ.અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ શાળાકીય રક્તદાન સમિતિના કન્વિનરશ્રીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં, NSS, NCC, સેતુ ટ્રસ્ટ, વલ્લભ વિદ્યાનગર, લાયન્સ કલબ વલ્લભ વિદ્યાનગર અને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને તેઓના પરિવારના સભ્યો તેમજ નિયમિત રકત દાતાઓના અપ્રતિમ સહયોગથી ૨૭૬ રજિસ્ટ્રેશનમાંથી રિજેક્શન થયા બાદ ૧૫૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. પ્રિ.અમિતકુમાર ભટ્ટે સૌ રકતદાતાઓનો આભાર માન્યો હતો અને ઉત્સાહભેર જહેમત ઉઠાવનાર સહયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા.

|| સંશોધન ||

# ભારતમાં ફુગાવાના માપદંડો (CPI, WPI, PPI) અને ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) વચ્ચેનો સંબંધ, તફાવત અને પ્રભાવ : એક વિશ્લેષણાત્મક સંશોધન

**વિજયસિંહ એન. ધંધુકિયા**

**પ્રસ્તાવના :** કોઈપણ દેશના સમગ્રલક્ષી આર્થિક સ્વાસ્થ્યને માપવા માટે બે મુખ્ય પરિબળો સૌથી નિર્ણાયક છે (૧) ફુગાવો અને (૨) ઔદ્યોગિક ઉત્પાદન. ભારતીય અર્થતંત્રમાં નાણાકીય સ્થિરતા જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક અને ભારત સરકાર મુખ્યત્વે ચાર સૂચકાંકોનો ઉપયોગ કરે છે ગ્રાહક કિંમત સૂચકાંક (કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ–CPI), જથ્થાબંધ કિંમત સૂચકાંક (હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ–WPI), ઉત્પાદક કિંમત સૂચકાંક (પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ PPI), અને ઔદ્યોગિક ઉત્પાદનનો સૂચકાંક (ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન IIP).

વૈશ્વિક સ્તરે, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) અને વર્લ્ડ બેંકના મતે, ઉત્પાદન સ્તરે થતા ભાવ ફેરફારો અને વાસ્તવિક ઉત્પાદન વૃદ્ધિ વચ્ચેનો તફાવત સચોટ રીતે ન માપવામાં આવે તો નીતિગત નિર્ણયો ખોટા સાબિત થઈ શકે છે. અમેરિકામાં બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ (BLS) દ્વારા CPI અને PPI નો ઉપયોગ કરીને ફેડરલ રિઝર્વ વ્યાજ દરો નક્કી કરે છે. ભારત પણ તેના આર્થિક સર્વેક્ષણ (Economic Survey) અને સામાજિક–આર્થિક સમીક્ષામાં આ આંકડાઓને કેન્દ્રસ્થાને રાખે છે.

## સૂચકાંકોનો ઈતિહાસ, અર્થ અને મહત્ત્વ

### ઈતિહાસ અને અર્થ

**કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI)** : ગ્રાહક સ્તરે છૂટક ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવમાં થતા ફેરફારને માપે છે. ભારતમાં અગાઉ ચાર પ્રકારના CPI અસ્તિત્વમાં હતા (ઔદ્યોગિક કામદારો, કૃષિ મજૂરો, ગ્રામીણ મજૂરો અને શહેરી મજૂરો) ૨૦૧૧-૧૨ને આધાર વર્ષ બનાવીને કેન્દ્રીય આંકડાકીય કચેરી (NSO) દ્વારા નવો સંયુક્ત CPI (Combined) શરૂ કરાયો, જેને RBI એ ૨૦૧૪થી ફુગાવાના મુખ્ય માપદંડ તરીકે સ્વીકાર્યો છે.

**હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI)** જથ્થાબંધ બજારમાં વેપારીઓ વચ્ચે થતા વ્યવહારોના ભાવ ફેરફારને માપે છે. તેનો ઇતિહાસ ૧૯૪૨થી શરૂ થાય છે. હાલમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ૨૦૧૧-૧૨ના આધાર વર્ષ સાથે તે બહાર પાડવામાં આવે છે. તેમાં સેવાઓનો સમાવેશ થતો નથી.

**પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (PPI)** ઉત્પાદક પોતે જ્યારે માલ ફેક્ટરીના દરવાજે (Factory Gate) વેચે ત્યારે મળતી કિંમતને માપે છે. તેમાં પરોક્ષ કર કે પરિવહન ખર્ચ ઉમેરાતો નથી. IMF ની ભલામણ મુજબ, ભારત હાલમાં WPI ને સંપૂર્ણપણે PPI માં બદલવાની પ્રક્રિયા હેઠળ છે (અરવિંદ વિરમાણી સમિતિની ભલામણો).

**ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP)** આ કિંમત નથી માપતો, પરંતુ નિયત સમયગાળા દરમિયાન અર્થતંત્રમાં ઉત્પાદિત થયેલી વસ્તુઓનો ભૌતિક જથ્થો (Volume) માપે છે. તેનો ઇતિહાસ ૧૯૫૦થી શરૂ થાય છે અને હાલમાં તેનું આધાર વર્ષ ૨૦૧૧-૧૨ છે.

**મહત્ત્વ (Importance) :** આ સૂચકાંકો નીતિ ઘડવૈયાઓ, રોકાણકારો અને સામાન્ય જનતા માટે દીવાદાંડી સમાન છે. CPI સામાન્ય માણસની ખરીદશક્તિ (Purchasing Power) દર્શાવે છે, જ્યારે WPI, PPI ઉત્પાદકોના તફાવત ખર્ચ અને સાધન ખર્ચ દર્શાવે છે. IIP દેશમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરની વાસ્તવિક તેજી કે મંદીનો ચિતાર આપે છે.

**પદ્ધતિશાસ્ત્ર અને માહિતી સ્રોતઃ** આ સંશોધન લેખ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO), MoSPI, ઓફિસ ઓફ ઇકોનોમિક એડવાઇઝર (OEA), અને ગુજરાત સરકારની સામાજિક–આર્થિક સમીક્ષાના

સત્તાવાર આંકડાઓ પર આધારિત છે.

**આર્થિક સૂચકાંકોની માહિતીનું એકત્રીકરણ અને સપ્લાય ચેઈન ફ્લોચાર્ટ:**

ઉત્પાદન સ્તર IIP PPI → ઉત્પાદન અને મૂળ કિંમત (કર વગર)

↓

જથ્થાબંધ સ્તર WPI → જથ્થાબંધ વેપાર અને મંડીના ભાવો (કર સાથે)

↓

છૂટક ગ્રાહક સ્તર CPI → ગ્રાહક વપરાશ કિંમતો (વસ્તુઓ + સેવાઓ)

**- IIP & PPI :** વસ્તુ ફેક્ટરીમાં બને ત્યારે તેનું ઉત્પાદન (IIP) અને તેની મૂળ કિંમત (PPI) દર્શાવે છે.
**- WPI :** ફેક્ટરીમાંથી નીકળીને જ્યારે સામાન હોલસેલ માર્કેટ કે મંડીમાં પહોંચે ત્યારનો ભાવ (ટેક્સ સાથે).
**- CPI :** છેલ્લે જ્યારે સામાન્ય ગ્રાહક દુકાન પરથી વસ્તુ કે સેવા ખરીદે ત્યારનો છૂટક ભાવ (મોંઘવારી માપવા માટે આનો ઉપયોગ થાય છે).

**CPI, WPI, PPI અને IIP વચ્ચેનો મુખ્ય તફાવત અને સરખામણી :**

આ ચારેય સૂચકાંકો અર્થતંત્રના અલગ-અલગ પાસાંઓ પર પ્રકાશ પાડે છે. તેમની સરખામણી નીચે મુજબ છે.

**કોષ્ટક ૧ : સૂચકાંકોનું આંકડાકીય અને માળખાકીય તુલનાત્મક પત્રક**

| માપદંડ | CPI (ગ્રાહક ફુગાવો) | WPI (જથ્થાબંધ ફુગાવો) | PPI (ઉત્પાદક ફુગાવો) | IIP (ઔદ્યોગિક ઉત્પાદન) |
|---|---|---|---|---|
| શું માપે છે ? | છૂટક કિંમતોમાં ફેરફાર | જથ્થાબંધ કિંમતોમાં ફેરફાર | ઉત્પાદક સ્તરે કિંમતો | ઉત્પાદનનો ભૌતિક જથ્થો (Volume) |
| આધાર વર્ષ | ૨૦૧૨ | ૨૦૧૧-૧૨ | નિર્માણ હેઠળ (૨૦૧૧-૧૨) | ૨૦૧૧-૧૨ |
| સર્વોચ્ચ વેઇટેજ | ખાદ્યપદાર્થો (૪૫.૮૬/%) | મેન્યુફેક્ચરિંગ ગુડ્સ (૬૪.૨/%) | મેન્યુફેક્ચરિંગ ગુડ્સ | મેન્યુફેક્ચરિંગ (૭૭.૬/%) |
| સેવાઓ (Services) | શામેલ છે (હાઉસિંગ, મેડિકલ) | શામેલ નથી | શામેલ કરવામાં આવશે | શામેલ નથી |
| જાહેરકર્તા સંસ્થા | NSO (મોસ્પી) | આર્થિક સલાહકાર કચેરી | કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય | NSO (મોસ્પી) |

**સ્રોત :** રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (NSO), MoSPI અને આર્થિક સલાહકાર કચેરી (વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય), ભારત સરકાર.

**પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ (Producer Price Index - PPI) ભારતીય આર્થિક માળખામાં ઐતિહાસિક સુધારો** : વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના આર્થિક સલાહકાર કાર્યાલય (Office of Economic Adviser, DPIIT) દ્વારા ભારતીય અર્થતંત્રમાં ફુગાવાને માપવા માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સત્તાવાર સંક્રમણની શરૂઆત કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) ની ભલામણો અને વૈશ્વિક ધોરણોને અનુરૂપ, ભારત તેના વર્ષો જૂના જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) ને તબક્કાવાર રીતે બંધ કરીને પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (PPI) તરફ આગળ વધી રહ્યું છે.

આ નવા ફ્રેમવર્ક અને વાસ્તવિક આંકડાઓનું વિસ્તૃત વિશ્લેષણ નીચે મુજબ છે

**પાયાના વર્ષ (Base Year) અને વસ્તુઓની યાદીમાં ફેરફાર** :

★ **નવું બેઝ યર :** અગાઉ ફુગાવાની ગણતરી વર્ષ ૨૦૧૧-૧૨ ના આધાર વર્ષ પર થતી હતી, જેને બદલીને હવે વર્ષ ૨૦૨૨-૨૩ કરવામાં આવ્યું છે.

★ **મોટો બાસ્કેટ :** અર્થતંત્રના આધુનિક ઔદ્યોગિક સ્વરૂપને આવરી લેવા માટે વસ્તુઓની સંખ્યા ૬૯૭ થી વધારીને ૯૫૭ કરવામાં આવી છે.

★ **ગ્રીન એનર્જીનો સમાવેશ :** પ્રથમ વખત પાવર ક્ષેત્રે પરંપરાગત ઊર્જા ઉપરાંત સૌર ઊર્જા, પવન ઊર્જા અને ન્યુક્લિયર વીજળીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**PPI ના ત્રણ મુખ્ય સ્તંભો (Indicators)** :

ભારત સરકાર માત્ર એક ઇન્ડેક્સના બદલે ત્રણ અલગ-અલગ સ્તરે PPI જાહેર કરી રહી છે જેથી ઉત્પાદકો પર પડતા બોજને ચોક્કસાઈથી સમજી શકાય.

★ આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (Output PPI - OPPI) ઉત્પાદકો પોતાના માલ કે સેવાઓ વેચતી વખતે જે ભાવ મેળવે છે (ફેક્ટરીના દરવાજે - Factory Gate Price) તેને ટ્રેક કરે છે. આમાં ટેક્સ અને પરિવહન ખર્ચ ઉમેરવામાં આવતો નથી.

★ ટ્રાયલ ઇનપુટ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (Input PPI) ઉત્પાદકો કાચો માલ ખરીદવા માટે જે કિંમત ચૂકવે છે તેને માપે છે. તે હાલમાં પ્રાયોગિક ધોરણે મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે માસિક ધોરણે શરૂ કરાયું છે.

★ સર્વિસ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (Services PPI) ભારતના GDP માં ૫૦%થી વધુ હિસ્સો ધરાવતા સર્વિસ સેક્ટરને WPI ક્યારેય કવર કરતું નહોતું. હવે પ્રથમ તબક્કામાં ૭ સેવાઓ બેંકિંગ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન, ઇન્સ્યોરન્સ, પેન્શન ફંડ મેનેજમેન્ટ, રેલવે, એર પેસેન્જર ટ્રાન્સપોર્ટ અને ટેલિકોમનો સમાવેશ ત્રિમાસિક (Quarterly) ધોરણે કરવામાં આવ્યો છે.

ભારતમાં મે ૨૦૨૬ ના તાજા વાસ્તવિક આંકડાઓ મે ૨૦૨૬ ના મહિના માટે સરકાર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ નીચે મુજબ છે

★ **આઉટપુટ PPI (Output PPI) :** મે ૨૦૨૬માં વાર્ષિક ધોરણે આઉટપુટ PPI ફુગાવો વધીને ૯.૪% નોંધાયો છે, જે એપ્રિલ ૨૦૨૬માં ૮.૧% હતો. મે મહિનામાં ઓલ-ઇન્ડિયા આઉટપુટ PPI ઇન્ડેક્સ ૧૦૯.૬ પર રહ્યો હતો.

★ **ટ્રાયલ ઇનપુટ PPI (Manufacturing):** મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટેનો ટ્રાયલ ઇનપુટ PPI ઇન્ડેક્સ મે ૨૦૨૬માં ૧૦૨૪.૯ (૧૦૪.૯) નોંધાયો છે, જે દર્શાવે છે કે વૈશ્વિક ઊર્જા કટોકટી અને કાચા માલના વધતા ભાવોને કારણે ઉત્પાદકો પર ઇનપુટ કોસ્ટ (લાગત ખર્ચ)નું દબાણ ઘણું વધારે છે.

★ **સરખામણી (WPI)** : નવી શ્રેણી (બેઝ યર ૨૦૨૨-૨૩) મુજબ મે ૨૦૨૬માં હેડલાઇન જથ્થાબંધ ફુગાવો (WPI) ૯.૬૮% રહ્યો હતો,

જે એપ્રિલ ૨૦૨૬માં ૮.૨૬% હતો. આ વધારા પાછળ ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ (૬૧.૫૧%) અને મિનરલ ઓઇલ્સ (૪૯.૮૨%)-ના ભાવો જવાબદાર હતા.

**નવી પદ્ધતિ અને વેઈટેજ (Weights) માળખું :**

નવી શ્રેણીમાં ભારાંક નક્કી કરવા માટે 'નેટ ટ્રેડેડ વેલ્યુ' ના બદલે ગ્રોસ વેલ્યુ ઓફ આઉટપુટ (Gross Value of Output - GVO) નો ઉપયોગ કરાયો છે, જે સ્થાનિક ઉત્પાદનનું સાચું મૂલ્ય દર્શાવે છે.

**આઉટપુટ પ્રાઈસ ઈન્ડેક્સ (માલસામાન)માં વેઈટેજ**

- મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ (ઉત્પાદિત વસ્તુઓ) ૬૯.૯૩%
- કૃષિ, વનસંવર્ધન અને મત્સ્ય ઉદ્યોગ ૨૨.૧૬%
- ઇલેક્ટ્રિસિટી (વીજળી) ૪.૪૯%
- માઇનિંગ અને ક્વોરીંગ (ખનન) ૩.૪૨%

**આગામી પાંચ વર્ષનો રોડમેપ :**

ઘણા વ્યાવસાયિક કરારો અને લોન એસ્કેલેશન ક્લોઝ જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) સાથે જોડાયેલા હોવાથી, સરકાર આગામી પાંચ વર્ષ (૨૦૩૧ સુધી) માટે WPI અને PPI બંને આંકડા એકસાથે જાહેર કરશે. આ સમયગાળો પૂર્ણ થયા બાદ WPI ને સત્તાવાર રીતે બંધ કરવામાં આવશે. નાણાં મંત્રાલયે પણ સૂચના આપી છે કે હવે પછીના તમામ લાંબા ગાળાના કરારો WPI ને બદલે PPI આધારિત હોવા જોઈએ.

આ સુધારાથી ભારત સરકારના રાષ્ટ્રીય હિસાબો અને વાસ્તવિક GDP (Real GDP) ની ગણતરી વધુ સચોટ બનશે.

**IIP અને ફુગાવાના સૂચકાંકો વચ્ચેનો વિરોધાભાસ અને સંબંધ (IIP vs Inflation Drivers)**

ઘણીવાર એવું જોવા મળે છે કે જ્યારે WPI અથવા PPI (સાધન ખર્ચ) વધે છે, ત્યારે ફેક્ટરીઓ માટે ઉત્પાદન કરવું મોંઘું બને છે, જેના કારણે IIP (ઔદ્યોગિક ઉત્પાદન વેગ) ધીમો પડી જાય છે.

ફુગાવાની ઔદ્યોગિક ઉત્પાદન (IIP) પર અસરનું મોડેલ

સાધન ખર્ચમાં વધારો WPI, PPI ઊંચો ⟶ ઉત્પાદન ખર્ચમાં વધારો

↓

ગ્રાહક માંગમાં ઘટાડો CPI ઊંચો ⟶ ફેક્ટરી ઉત્પાદનમાં ઘટાડો (IIP મંદી)

**કોષ્ટક ૨ : વાસ્તવિક આર્થિક ડેટા ટ્રેન્ડ્સ (આર્થિક સર્વેક્ષણના આધારે)**

| વર્ષ/સમયગાળો | સરેરાશ CPI ફુગાવો | સરેરાશ WPI ફુગાવો | IIP વૃદ્ધિ દર | આર્થિક અર્થઘટન |
|---|---|---|---|---|
| **ટ્રેન્ડ ૧** | મધ્યમ (૪.૫%) | નીચો (૧.૨%) | ઉચ્ચ (૫.૮%) | સાનુકૂળ ઇનપુટ ખર્ચને કારણે ઉત્પાદનમાં તેજી. |
| **ટ્રેન્ડ ૨** | ઉચ્ચ (૬.૨%) | અત્યંત ઉચ્ચ (૧૨.૪%) | ધીમો (૨.૧%) | ચીજવસ્તુઓ મોંઘી થતાં ફેક્ટરી ઉત્પાદન (IIP) પર નકારાત્મક અસર. |

**સ્રોત :** આર્થિક સર્વેક્ષણ, નાણા મંત્રાલય, ભારત સરકાર.

## ગુજરાત રાજ્યના વિશિષ્ટ ઉદાહરણો અને પ્રાદેશિક પ્રભાવ (Gujarat State Case Study)

ગુજરાત સામાજિક-આર્થિક સમીક્ષા મુજબ, ગુજરાત ભારતનું અગ્રણી મેન્યુફેક્ચરિંગ હબ છે. આથી રાષ્ટ્રીય સ્તરના WPI અને IIP ના ફેરફારોની સૌથી સીધી અસર ગુજરાતના ઉદ્યોગો પર પડે છે:

★ **મોરબીનો સિરામિક ઉદ્યોગ :**

જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે નેચરલ ગેસના ભાવો વધે છે, ત્યારે WPI નો ઈંધણ સૂચકાંક ઊંચો જાય છે. આનાથી મોરબીના ઉત્પાદકોનો PPI વધે છે, જે અંતે IIP માં નકારાત્મક વૃદ્ધિ અને ગ્રાહક સ્તરે (CPI) ટાઇલ્સ મોંઘી થવા તરફ દોરી જાય છે.

★ **સુરત ટેક્સટાઇલ અને ભરૂચ કેમિકલ બેલ્ટ:** કપાસ અને ક્રૂડ ઓઇલના જથ્થાબંધ ભાવો (WPI) ટેક્સટાઇલ અને કેમિકલ ઇન્ડસ્ટ્રીના ઉત્પાદન વોલ્યુમ (IIP) ને સીધી અસર કરે છે.

## WPI પર PPI ના ફાયદા (Advantages of PPI over WPI)

વૈશ્વિક સ્તરે WPI નો ઉપયોગ બહુ ઓછા દેશો કરે છે. ભારતમાં પણ PPI તરફ શિફ્ટ થવાના નીચે મુજબના ફાયદા છે :

**૧) ડબલ કાઉન્ટિંગની નાબૂદી :**
WPI માં એક જ વસ્તુ જ્યારે કાચી, અર્ધ-તૈયાર અને તૈયાર હોય ત્યારે વારંવાર ગણાઈ શકે છે, જ્યારે PPI માત્ર ઉત્પાદન બિંદુ પર જ કિંમત માપે છે.

**૨) સેવાઓનો સમાવેશ :**

જીડીપીમાં સેવા ક્ષેત્રનો હિસ્સો ૫૦% થી વધુ છે, પરંતુ WPI માં સેવાઓ નથી. PPI સેવાઓના ફુગાવાને પણ ટ્રેક કરી શકે છે.

**૩) ચોક્કસ નીતિ ઘડતર :**

તે નીતિ ઘડવૈયાઓને વાસ્તવિક માર્જિન સમજીને વ્યાજ દરો અને સબસિડી નક્કી કરવામાં સચોટ ચિત્ર આપે છે.

## સારાંશ :

'વિકસિત ભારત' અને ઔદ્યોગિક ગ્રોથ માટે CPI, WPI અને IIP નું ચોક્કસ મૂલ્યાંકન અનિવાર્ય છે. માત્ર CPI (ગ્રાહક ફુગાવો) જોઈને નીતિઓ ઘડવાથી ઉત્પાદન ક્ષેત્રના પ્રશ્નો સમજી શકાતા નથી. ભારતમાં WPI માંથી PPI તરફનું સંક્રમણ અર્થતંત્રને વધુ પારદર્શક બનાવશે અને IIP (ઉત્પાદન વોલ્યુમ) ના યોગ્ય આકલન દ્વારા દેશના ઔદ્યોગિક વિકાસને સાચી દિશા આપી શકાશે.

## સંદર્ભ સૂચિ : (References)


1. Ministry of Statistics and Programme Implementation (MoSPI), Government of India. IIP and CPI Monthly Releases.
2. Office of the Economic Adviser, Ministry of Commerce and Industry. WPI Data and Reports.
3. Directorate of Economics and Statistics, Government of Gujarat. Socio-Economic Review of Gujarat State.
4. International Monetary Fund (IMF). Producer Price Index Manual: Theory and Practice.
5. Reserve Bank of India (RBI). Handbook of Statistics on the Indian Economy.


---


મદદનીશ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ,
સેંટ ઝેવિયર્સ કૉલેજ, (સ્વાયત્ત),
નવરંગપુરા, અમદાવાદ-૦૯

## ।। પરંપરા ।।

## ભારતીય જ્ઞાન પરંપરામાં વિશ્વની ઉત્પતિ

**પ્રતીકકુમાર ભીખાભાઈ ભોઈ**

ભારત દેશે વિશ્વને અમૂલ્ય કહી શકાય એવા તત્ત્વજ્ઞાનની સુંદર ભેટ આપી છે. આ તત્ત્વજ્ઞાનનો વારસો ભારતમાં સદીઓથી જળવાઈ રહ્યો છે. આ પરંપરામાં વિશ્વની ઉત્પત્તિ, તેનો વિકાસ અને તેના અંતિમ લય અંગે જે ઊંડાણપૂર્વકનું ચિંતન કરવામાં આવ્યું છે, તે માત્ર ધાર્મિક માન્યતાઓ નથી, પરંતુ અત્યંત વૈજ્ઞાનિક અને તાર્કિક પદ્ધતિઓ પર આધારિત એક જટિલ દાર્શનિક માળખું છે. આધુનિક વિજ્ઞાન અને બ્રહ્માંડ વિજ્ઞાન માટે અત્યંત સુસંગત જણાય છે. ભારતીય દષ્ટિકોણમાં વિશ્વની ઉત્પત્તિ કોઈ એકાકી ઘટના નથી, પરંતુ તે એક નિરંતર ચાલતું ચક્ર છે, જે ચેતના અને દ્રવ્યના આંતરસંબંધો પર આધારિત છે.વિદેશી તત્ત્વચિંતકો પણ ભારતીય તત્વજ્ઞાનના ગંભીર અને તલસ્પર્શી જ્ઞાનથી અંજાઈ ગયા છે. ભારતીય જ્ઞાન પરંપરા એ વિશ્વની સૌથી પ્રાચીન અને સતત વહેતી જ્ઞાનની ગંગા છે. ભારતીય ઋષિઓએ જીવનના ઝંઝાવાતો સહન કરીને, સર્વસ્વ ત્યાગીને, સુખની અભિલાષાઓ તરછોડીને, પ્રેમના બાહ્ય દેખાવો ત્યજી દઈને તત્ત્વજ્ઞાનની અમૂલ્ય મૂડી ભેગી કરી છે. ભારતીય ઋષિઓએ અવલોકન, આંતરજ્ઞાન અને તર્ક દ્વારા બ્રહ્માંડના રહસ્યોને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. જે આજે પણ આધુનિક વિજ્ઞાન અને બ્રહ્માંડ વિજ્ઞાન માટે અત્યતં સુસગંત જણાય છે.

ઋગ્વેદના દસમા મંડળના સૂક્તોમાં વિશ્વની ઉત્પત્તિ વિશેના પ્રારંભિક અને સૌથી ગહન વિચારો જોવા મળે છે. આ સૂક્તો માત્ર દેવી-દેવતાઓની સ્તુતિ નથી, પરંતુ અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નોનો ઉત્તર શોધવાનો એક બૌદ્ધિક પ્રયાસ છે. ઋગ્વેદ હિન્દુ ધર્મનો સૌથી પવિત્ર ગ્રંથ છે. ભારતીય ધર્મની અસ્મિતા આ ગ્રંથમાં રહેલ છે તેમાં અનેક દેવોની જુદાજુદા ઋષિઓ દ્વારા કરવામાં આવેલી ભાવવાહી સ્તુતિઓ છે. ઋગ્વેદનાં બધા જ સૂકતો ફક્ત પ્રાર્થના છે એવું નથી. ઋગ્વેદમાં ધાર્મિક સૂકતો, સંવાદ-સૂકતો, ઋગ્વેદના પ્રકૃતિ સૂકતો એવા વિવિધ વિષયોને આવરી લેતા સૂકતોનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋગ્વેદના ૧૦ મંડળ છે. અને દરેક મંડળના જુદા જુદા ઋષિ દ્વારા દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે. ઋગ્વેદના ૧૦માં મંડળમાં દાર્શનિક સૂકતો ઉપલબ્ધ થાય છે. તે સૂકતોમાં આર્યોની દર્શન સંબંધી ચિંતન તેમજ તેના વિકાસની માહિતી મળે છે. જે સૃષ્ટિના નિર્માણની પ્રક્રિયાને અલગઅલગ દષ્ટિકોણથી સમજાવે છે.

नासंदासीननो सदांसीत्तदानीं
नासीद्रजोना व्योमा परोयत् ।
किमोवेरीव: कुह कस्य शरमन्नम्भ
किमासीद् गहनं गंभीरम् ।।१।।
(नासदीयसूक्तत.१०.१ अभिनववैदिक पाठावली)

આ સૂક્તમાં સૃષ્ટિની પૂર્વે શું હતું ? સર્જન પૂર્વે ન તો સત્ હતું કે ન તો અસત્ હતું. તેજ ન હતું તથા તેનાથી પર અન્તરિક્ષ ન હતું. શું સંતાડેલ હતું ? ક્યાં ? કોના સુખ માટે ? શું ગહન તથા ગંભીર જળ હતું ?.

तम आसीत्तमसा गुणहम ग्रेडप्रकेतं
सललिं सर्वमा इदम् ।
तुच्छयेनाभ्वपहितिं
यदासीत्तपसस्तन्महिनाजायतैकम् ।।३।।
(नासदीयसूक्तत.१०.३ अभिनववैदिक पाठावली)

શરૂઆતમાં અંધકારથી વ્યાપ્ત અંધારું હતું. આ સર્વ ન જાણી શકાય તેવું જળ હતું. જે સંપૂર્ણ તુચ્છથી ઢંકાયેલ હતું. તે એક તપશ્ચયાના પ્રભાવથી ઉત્પન્ન થયેલું હતું.

આ રીતે જગતના રહસ્યને ઉકેલવા મથતા ઋષિ ફરી કહે છે કે, સૃષ્ટિ પૂર્વે મૃત્યુ હતુ નહિ, અમૂર્ત પણ ન હતું, રાત્રિ અને દિવસના ભેદ કરનાર કોઈ તત્વ ન હતું, તે એકલું પોતાની શક્તિથી પવન વિના

 ISSN 0976-9609

શ્વાસ લેતું હતું, તેનાથી પર બીજું કશું ન હતું, આ રીતે બધા વાક્યો નિષેધાર્થક હોવાથી આ સૂક્ત નાસદીય સૂક્ત કહેવાય છે.

એમાં પુરુષસૂક્ત જેના ઋષિ નારાયણ છે. આ સૂક્તમાં કહેવાયું છે કે પુરુષ હજાર મસ્તકવાળો, હજારો નેત્રોવાળો અને હજારો ચરણોવાળો છે. તે પુરુષ વિશ્વને ચારે તરફથી ઘેરીને દસ આંગળ ઊંચો અદકો રહ્યો છે. પુરુષસૂક્તની અંદર સર્વેશ્વરવાદનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરનારી મુનિગણની પ્રૌઢ વિચારધારા મળે છે. પશ્ચિમના વિદ્વાનોની દ્રષ્ટિએ ધાર્મિક વિકાસનો ક્રમ આ પ્રમાણે મળે છે. (૧) બહુદેવવાદ (૨) એકદેવવાદ (૩) સર્વેશ્વરવાદ.

પુરુષમાંથી જગતની ઉત્પતિનો સિદ્ધાંત પ્રતિપાદિત થયેલો અહીં અનુભવાય છે. ઉપનિષદની જાણવાની વૃત્તિ પણ અહીંથી જ પ્રલંબિત થયેલ અનુભવાય છે. સૂક્તમાં પ્રયુક્ત પુરુષ શબ્દ સાંખ્યદર્શન, વેદાન્તદર્શન, તેમજ ભગવદગીતામાં પ્રયુક્ત થયેલો છે. આ સૂક્તમાં બ્રહ્માંડના વિવિધ તત્વોના ઉદ્ભવને પુરુષના અંગો સાથે સાંકળવામાં આવ્યા છે.

नाभ्याडआसीदन्तरिक्ष शीष्णो द्यो समवत्तेत ।
पद्मयाँ भूमिर्दिशश्रोतात्तथा लोकाँरऽकल्पयेन् ।।
(पुरुषसूक्त.१०.१४ अभिनववैदिक पाठावली)

તેની નાભિમાંથી અંતરિક્ષ પેદા થયું, મસ્તક માંથી આકાશ ઉત્પન્ન થયું, બે પગમાંથી ભૂમિ, કાનમાંથી દિશાઓ પેદા થઈ તેવી રીતે બધા લોકોનું દેવોએ સર્જન કર્યું.

चन्द्रमा मनसो जातश्चक्षो: सूर्यो अजायत ।
श्रोतद्‌वायुश्च प्राणश्च मुखादग्निरजायत ।।
(पुरुषसूक्तत्.१०.१३ अभिनववैदिक पाठावली)

તેના મનમાંથી ચંદ્ર ઉત્પન્ન થયો, તેના નેત્રમાંથી સૂર્ય ઉત્પન્ન થયો. તેના મુખમાંથી ઇન્દ્ર અને અગ્નિ ઉત્પન્ન થયાં અને તેના પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયો.

આમાં હિરણ્યગર્ભ સૂક્તમાં સંપૂર્ણ સૃષ્ટિનું સર્જન કરનારા પરમાત્માની હિરણ્યગર્ભ નામથી સ્તુતિ કરવામાં આવેલી છે. દશમા મંડળમાં બ્રહ્માંડના સર્વશ્રેષ્ઠ પરમેશ્વરની વિવિધ નામો દ્વારા સ્તુતિ કરવામાં આવેલી છે. હિરણ્યગર્ભ દેવતામાં રહેલા ઐશ્વર્યો વર્ણવેલા છે. વિશેષમાં પંચભૂત સ્વરૂપ સૃષ્ટિની તેમજ દેવોના પણ પહેલા એ સુવર્ણમય અંડરૂપ હિરણ્યગર્ભ દેવની કલ્પના સાકાર થતી જણાય છે. જે પૃથ્વી લોકના નિયંતા તેમજ સૃષ્ટિના સર્જકના સ્વરૂપમાં જણાય છે.

ઉપનિષદો આમ તો આરણ્યકના વિશિષ્ટ અંગ છે. ઉપનિષદો વેદનો અંતિમ ભાગ હોવાથી વેદાન્ત તરીકે પ્રસિદ્ધ છે. ભારતીય તત્વજ્ઞાનની ગંગોત્રી જેવા આ ગ્રંથો આધ્યાત્મિક રહસ્યોને ઉકેલવામાં મદદરૂપ છે. ઉપનિષદો સ્વયં બ્રહ્મા દ્વારા મળેલા છે. ઉપનિષદોની કુલ સંખ્યા ૧૦૮ છે. પણ તેમાંથી દસ ઉપનિષેદો તરીકે જાણીતા છે. ઉપનિષેદો જ્ઞાનના સરોવરો છે. તેમાંથી તત્ત્વવિદ્યા પ્રાપ્ત થાય છે. ઉપનિષદોએ બ્રહ્મ, આત્મા તથા જગતના રહસ્યો ખુલ્લા કર્યા છે. 'सर्वं खल्विदं ब्रह्म' ઉપનિષદો જગત ના પરમતત્ત્વ તરીકે બ્રહ્મ શબ્દને ઓળખાવે છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે આ જે કંઈ છે એ સર્વ બ્રહ્મ છે. બ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થયું છે.

ભારતીય જ્ઞાન પરંપરામાં સમયને રેખીય ને બદલે ચક્રાકાર માનવામાં આવ્યો છે. પુરાણોમાં સૃષ્ટિ-ના સર્જન, પાલન અને વિસર્જનના પ્રચંડ ચક્રોનું વર્ણન છે, જે અબજો વર્ષો સુધી ફેલાયલું છે. સૃષ્ટિનો એક દિવસ ''કલ્પ'' તરીકે ઓળખાય છે, જે બ્રહ્માનો એક દિવસ ગણાય છે. આ એક કલ્પ ૪.૩૨ અબજ વર્ષનો હોય છે. આ એક દિવસમાં ૧૪ મન્વંતરો(મનુનો સમયગાળો) આવે છે અને દરેક મન્વંતરમાં અનેક મહાયુગો છે. એક મહાયુગ ચાર યુગોનો બનેલો છે. એમાં યુગનો ક્રમ અને તેનો સમયગાળો અને લાક્ષણિકતા પ્રમાણે જોઈએ તો સૌથી પહેલો સતયુગ જેનો સમયગાળો માનવવર્ષ ૧૭,૨૮,૦૦૦ છે તેની

લાક્ષણિકતા ધર્મપૂર્ણ સ્થિતિ, દીર્ઘાયુ જીવન હોય છે. એના પછી ત્રેતાયુગ જેનો સમયગાળો ૧૨,૯૬,૦૦૦ વર્ષ, તેની લાક્ષણિકતા ધર્મનો એક પાદ ક્ષીણ, યજ્ઞોનું મહત્ત્વ હોય છે. પછી દ્વાપરયુગ જેનો સમયગાળો ૮,૬૪,૦૦૦ વર્ષ છે તેની લાક્ષણિકતા ધર્મના બે પાદ ક્ષીણ, દ્વૈત અને સંઘર્ષ હોય છે. આમાં છેલ્લા ક્રમે કલિયુગ જે અત્યારે ચાલી રહ્યો છે જેનો સમયગાળો ૪,૩૨,૦૦૦ વર્ષ છે તેની લાક્ષણિકતા ધર્મ અત્યંત ક્ષીણ, અજ્ઞાન અને અધર્મ છે. આ ચાર યુગોના અંતે લઘુ પ્રલય થાય છે અને ૧૦૦ બ્રહ્મા વર્ષના અંતે મહાપ્રલય થાય છે, જેમાં સમગ્ર બ્રહ્માંડ મૂળ અવ્યક્ત બ્રહ્મામાં લીન થઈ જાય છે. આધુનિક વિજ્ઞાન પણ 'બિગ ક્રંચ' જેવી થિયરીઓ દ્વારા બ્રહ્માંડના સંકોચન અને અંતની કલ્પના કરે છે, જે આ પૌરાણિક પ્રલય સાથે સુસગંત જણાય છે. આધુનિક ભૌતિક વિજ્ઞાન અને ભારતીય જ્ઞાનપરંપરા વચ્ચેના સેતુ બાંધવા માટે અનેક વિદ્વાનોએ પ્રયાસો કર્યા છે. બંને પ્રણાલીઓમાં કેટલીક આશ્ચર્યજનક સમાનતાઓ જોવા મળે છે, જોકે તેમની પદ્ધતિઓ અલગ છે.

ભારતીય જ્ઞાન પરંપરામાં વિશ્વની ઉત્પત્તિ વિશેના વિચારો અત્યંત વ્યાપક અને ઊંડા છે. તે માત્ર એક ઘટનાનું વર્ણન નથી, પરંતુ ચેતના, ઊર્જા અને દ્રવ્યના સનાતન નૃત્યની અભિવ્યક્તિ છે. નાસદીય સૂક્તની જિજ્ઞાસા, ઉપનિષદોની બ્રહ્મ-વિદ્યા, અને પુરાણોની કાલગણના-આ બધું મળીને એક એવા જ્ઞાનતંત્રનું નિર્માણ કરે છે જે આજે પણ મનુષ્યને તેના અસ્તિત્વના મૂળ સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે. આધુનિક વિજ્ઞાનના નવા સંશોધનો ઘણીવાર આ પ્રાચીન વિચારોની પુષ્ટિ કરતા જણાય છે, જે ભારતીય ઋષિઓના પ્રખર પ્રજ્ઞાનો પુરાવો છે.

અંતે, આ જ્ઞાન આપણને શીખવે છે કે આપણે બ્રહ્માંડથી અલગ નથી, પરંતુ આપણે પોતે જ આ પરમ ચેતનાની એક લઘુ પ્રતિકૃતિ છીએ.

### સંદર્ભ સૂચિ :


૧) કપૂર, કે. (૨૦૨૦). ઇન્ડિયન નોલેજ સિસ્ટમ્સઃ નેચર, ફિલોસોફી એન્ડ કેરેક્ટર. આઈ.આઈ.ટી. ગાંધીનગર.

૨) ગંભીરાનંદ, સ્વામી. (૧૯૮૬). તૈત્તિરીય ઉપનિષદ શાંકરભાષ્ય સાથે. અદ્વૈત આશ્રમ.

૩) દત્ત, એ. (૨૦૨૫). ફ્રોમ બ્રહ્માંડ ટુ બિગ બેંગઃ બ્રિજિંગ ઇન્ડિયન કોસ્મોલોજી એન્ડ મોર્ડન ફિઝિક્સ.

૪) પાંડે, કે. (૨૦૨૬). ડીકોડિંગ ધ મેટાફિઝિક્સ ઓફ ધ ઋગ્વેદ : એ સ્ટડી ઓફ ક્રિએશન. ધ મલ્ટી જર્નલ.

૫) રાધાકૃષ્ણન, એસ. (૧૯૫૩). ધ પ્રિન્સિપાલ ઉપનિષદ્સ. હાર્પર કોલિન્સ પબ્લિશર્સ.

૬) શર્મા, આર. (૨૦૧૮). વૈદિક કોસ્મોલોજી ઇન ધ કોન્ટેક્સ્ટ ઓફ મોર્ડન કોસ્મિક સાયન્સ. લેંગ્વેજ ઇન ઇન્ડિયા.

૭) શાસ્ત્રી, જે. એલ. (૨૦૦૪). ધ ઋગ્વેદ નાસદીય, પુરુષ અને હિરણ્યગર્ભ સૂક્ત. મોતીલાલ બનારસીદાસ.

૮) अभिनववैदिक पाठावली અથવા ऋक्तसूक्तसञ्चय, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ


---


રિસર્ચ ફેલો, અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)


---

**ધર્મ, સત્ય, મર્યાદા અને કર્તવ્ય એ જ ત્રેતાયુગ અને પ્રભુ શ્રીરામનો મુખ્ય સંદેશ છે. જે વ્યક્તિ પોતાના જીવનમાં મર્યાદાનું પાલન કરે છે, તેનો વિજય નિશ્ચિત છે.**

 ISSN 0976-9609

## || આસ્વાદ ||

# લોકગીતોમાં વિવિધ રસોનો આસ્વાદ

રાજેન્દ્ર ઠાકર

**પ્રસ્તાવના :** લોક સાહિત્યમાં લોકગીત મુખ્ય છે. લોકગીતો લોકો માટે અને લોકબોલીમાં રચાયેલાં હોય છે. લોકગીતોમાં લોકોનું સામાજિક જીવન, ધાર્મિક ભાવનાઓ, સાંસ્કૃતિક પરિવેશ અને લોકમાનસ પ્રતિબિંબિત થાય છે. લોકજીવન વિવિધ તહેવારો, ઉત્સવો, મેળા, વ્રત વગેરે સાથે જોડાયેલું હોય છે, ને લોકજીવનના વિવિધ પ્રસંગોને અનુરૂપ લોકગીતો ગવાય છે. સ્ત્રીને ઘરનાં કામ જેમકે, પાણી ભરવા જવું, દળવું, ખાંડવું, ખેતઉપજને લણવી, કાપણી કરવી. આ કાર્યો દરમયાન તેમને થાક ન લાગે, કંટાળો ન આવે તે માટે તદ્દનુરૂપ લોકગીતો ગાતાં ગાતાં તેઓ કામ કરતાં હોય છે. રાસ, ગરબા, રાસડા વગેરેમાં ગીતો ગવાતાં હોય છે. આમ લોકજીવનની દરેક અવસ્થા પ્રમાણે લોકગીતો ગવાતા હોય છે. લોકગીતો જાહેરમાં સમૂહ નૃત્ય, તાલ, વાદ્યો સાથે ગાવામાં આવતાં હોય છે. અંગ્રેજીમાં તેને 'Folk Lore' કહેવામાં આવે છે.

લોકગીતોમાં મરમી સંતોની ફિલસૂફીનો વ્યાપક અને ઊંડો અનુભવ જોવા મળે છે. તેમાંથી પરિવાર અને સમાજના રીતરિવાજો જાણવા મળે છે. લોકગીતોમાં પ્રકૃતિ સ્વરૂપ ધરતીનો ઉલ્લાસ અને ચેતનાનું તત્ત્વ જોવા મળે છે. તેમાં સંસ્કૃતિનું બીજ નિહિત હોય છે. તેથી જ કહેવાયું છે કે લોકગીતોનો ઉષાકાળ એ સાહિત્યનો ઉષાકાળ છે. સમાજની સંસ્કૃતિ અને સંસ્કારની પ્રાચીનતા લોકગીતોમાંથી મળી આવે છે.

**લોકગીતોનો ઉદ્‌ભવ :** લોકગીતોનું મૂળ શોધવું અતિ કઠિન છે. આ લોકગીતો પ્રથમ કોણે રચ્યાં, તે નિશ્ચિત થઈ શકે તેમ નથી. એટલું જરૂરથી કહી શકાય કે, લોકસમાજ જે અરણ્ય નિવાસી, વિચરતો, નદી કે દરિયાકિનારે રહેતો કે, ગ્રામ્યનિવાસી હતો તેણે પોતાનાં સુખદુઃખ, ગમા-અણગમા, પ્રેમ-ઉલ્લાસ, પરિવારની પળોજણો, જન્મ-મૃત્યુ વગેરે લોકગીતો દ્વારા વ્યક્ત કર્યા. આ સમાજ શિક્ષિત ન હતો. તેમને ફક્ત પોતાની લોકબોલી હતી; તે બોલીમાં ગેય, લોકસંગીત અને વાદ્યો સાથે ગાયાં તે લોકગીતો કહેવાયાં.

તેથી જ લોકસાહિત્યના અમર કવિ, રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬-૧૯૪૭) લોકગીત વિશે કહે છે કે, જેના રચનારાંએ કદી કાગળ કે પેન પકડ્યાં નથી, તે રચનારાં કોણ છે, તેની કોઈને ખબર નહિ હોય, તેમજ પ્રેમાનંદ-નરસિંહ મહેતા, અખાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યાં આવે છે. તેનીય કોઈ ભાળ મળતી નથી, તે લોકગીત.

તેથી લોકગીતની સાદી પરિભાષા આ પ્રમાણે આપી શકાય કે, 'લોકગીત લોકસાહિત્યમાંથી, લોકો દ્વારા, લોકો માટે અને લોકબોલીમાં લોકકંઠે આ લોકગીત આવ્યું.' લોકગીતમાં પ્રાકૃતિક પરિવેશ મુજબ મુખ્ય આધાર બનીને લોકજીવનને તેની ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક બાબતોને વ્યક્ત કરે છે. લોકજીવનના જન્મ પૂર્વેના સીમંત સંસ્કારથી શરૂ કરી, મૃત્યુ પછીનાં મરશિયાં સુધીની જીવન ઘટનાઓને હર્ષોલ્લાસ કે વિરહ વ્યથાને દુખદભાવોને રસાત્મક, ભાવાત્મક લયાત્મક ગેય, નૃત્ય સાથે માનવ ઊર્મિઓને વ્યક્ત કરતી રચનાને લોકગીત કહી શકાય.

હવે આપણે લોકગીતોમાં વિવિધ રસોનો આસ્વાદ માણીએ.

**૧. વીરરસ-શૌર્યરસ :**

(અ) ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘટેલી એક ઘટનાને કવિ દુલા ભાયા કાગ (કાગ બાપુ) (૧૯૦૩-'૭૭) એ પોતાના શબ્દોમાં આ રીતે રજૂ કરી છે.૧૯૨૮, ગીરમાં તુલસીશ્યામની નજીક ચારણોનો એક નેસ છે. ત્યાંની હીરબાઈ નામની એક ચૌદ વર્ષની કન્યાએ એકલીએ પોતાની વાછરડીને મારનાર સિંહને વાછરડીનું માંસ ચાખવા ન દેતાં, તેને લાકડી વતી કાઢી મૂક્યો હતો. તેમના શબ્દોમાં :-

ISSN 0976-9609

''તુલસીશ્યામથી બે ગાઉ દૂર અમે (ઝવેરચંદ મેઘાણી અને કવિ દુલા કાગ) ખજૂરીને નેડે હતા. ત્યાં રીડ થઈ. સાવજ ડણક્યો. હાકોટા થવા માંડ્યા. રોળકોળ (ગોધૂલી) વેળા થઈ હતી. ખાંડુ-ધણ નેસડે-ઝૂંપડે પરત આવતાં હતાં. તેમાંથી હીરબાઈ કરી એક ચારણબાઈની વોડકીને સાવજે પાદરમાં પાડી. અમે બધા દોડ્યા. વીસેક જણ હતા. જ્યાં ધાર માથે ચડ્યા ત્યાં તો હીરબાઈ ક્યારની પહોંચી ગઈ હતી. મરેલી વોડકી પર એ ચારણકન્યા ચડીને સાવજ સામે સોટો વીંઝતી હતી. સાવજ બે પગે થઈ હોંકારા કરતો હતો. બાઈ સાવજના ફીણથી નાહી રહી, પણ ગાયને ચારણબાઈએ ખાવા ન દીધી. એ વખતે મેઘાણીભાઈ કાગળ-કલમ સિવાય 'ચારણકન્યા' ગીત રચીને ગાવા લાગ્યા. એમનું શરીર જાગી ઊઠ્યું. તેમની આંખો લાલ ધ્રુમેલ તાંબા જેવી થઈ ગઈ હતી. એ પણ સાવજ તરફ દોડવા લાગ્યા. અમે એમને માંડ માંડ પકડી રાખેલા.'' - કવિ દુલા ભાયા કાગ

ચારણ કન્યાની બે-ત્રણ પંક્તિઓ માણીએ

''સિંહણ તારો ભડવીર ભાગ્યો !
નર થઈ નારીથી ભાગ્યો !
નાનકડી છોડીથી ભાગ્યો !

૧૯૨૮માં રચેલ કવિશ્રી ઝવેરચંદ મેઘાણીની ઉપરોક્ત રચનામાં બેસુમાર વીરરસનાં દર્શન થાય છે.

**(બ) કોઈનો લાડકવાયો (ઝવેરચંદ મેઘાણી)**

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે.
કોની વનિતા, કોની માતા, ભગિની ટોળે વળતી
શોણિત ભીના પતિ-સુતવીરની રણશય્યા પર ળતી
એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી.
એને સીંચણ તેલ-કચોયાં નવ કોઈ બહેની આવી.
એની ભસ્માકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી,
લખજો : ખાક પડી આંહી,
કોઈના લાડકવાયાની

ઉપરોક્ત લોકગીતમાં શૌર્યરસ સાથે કરુણરસ જોવા મળે છે.

કસુંબીનો રંગ (૧૯૩૪માં રચાયેલા 'યુગવંદના'નું પ્રારંભ ગીત)

'શહીદોના ધગધગતા નિઃશ્વાસે,
સળગ્યો કસંબીનો રંગ'

વીરરસ - શૌર્યરસથી ભરપૂર પ્રસ્તુત લોકગીત કસુંબલ રંગને વ્યાખ્યાયિત કરે છે.

**(ક) શિવાજીનું હાલરડું :** (માતા જીજાબાઈ ગાય છે.)

''પોઢજો રે મારાં બાળ !
પોઢી લેજો પેટ ભરીને આજ,
કાલે કાળાં યુદ્ધ ખેલાશે,
સૂવાટાણું ક્યાંય નૈ રે'શે.
રે'શે નહિ રણઘેલૂડાં,
ખાવા મુઠી ધાનની વેળા
કાયા તારી લોહીમાં નાશે,
ઢાંકણ તે દિ' ઢાલનું થાશે
તે દિ' તારે હાથ રેવાની
રાતી બંબોળ ભવાની (તલવાર)
માને હાથે ભેટ બંધાવા, ટીલું માના લોહીનું લેવા.''

પ્રસ્તુત હાલરડાંના ગીતમાં વીરરસ-શૌર્યરસ છલકે છે.

**(૨) દેશભક્તિ-દેશપ્રેમ :** છેલ્લો કટોરો (૧૯૩૧)

(ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને)
છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !
જગત મારશે મેણાં ન આવ્યો આત્મજ્ઞાની !
ના'વ્યો ગુમાની - પોલ પોતાની પિછાની !
જગપ્રેમી જોયો ! દાઝ દુનિયાની ન જાણી !

મહાદેવ દેસાઈ તેમની ડાયરીમાં લખે છે : ''મેઘાણીનો 'છેલ્લો કટોરો' વાંચીને બાપુ કહે : 'મારી સ્થિતિનું આમાં વર્ણન થયું છે, તે તદ્દન સાચું છે.' કાવ્ય વાંચતા તો જાણે મેઘાણીનો આત્મા છેલ્લા પંદર દિવસનો સતત સાક્ષી રહ્યો હોય એમ પ્રતીત થાય છે. જાણે મેઘાણીજીએ ક્યાંક છૂપાઈને અંધાર પછેડલો ઓઢીને જોયા કીધું હોય એમ લાગે છે.'' (મહાદેવ દેસાઈની ડાયરીમાંથી સાભાર)


ISSN 0976-9609

**૩. માનવ સંવેદના :** કવિ દુલા કાગનું લોકગીત

''તારા આંગણિયા પૂછીને કોઈ આવે તો
આવકાર મીઠો આપજે રે...
હેજી તારસ કાને સંકટ કોઈ સંભળાવે તો
સંકટ થોડું કાપજે રે...
(કારણ કે) માનવીની પાસે કોઈ માનવી નવ આવે રે
કેમ રે આવ્યાં છો ? તેમ મત પૂછજે રે...''

**૪. ફિલસૂફી :** તેમનું જ ગીત છે :
''હંસલો ચાલ્યો જવાનો એકલો રે..''
બીજું ગીત છે ''અમે પંખીડા રે જીવન ચારના રે...''

**૫. લગ્નનાં ફટાણાંમાં હાસ્યરસ :**
વરપક્ષ વાળા કન્યા પક્ષ વાળાને સંબોધીને ગાય છે.
''ઘરમાં નો'તી ખાંડ, ત્યારે શીદ તેડાવી જાન''

બીજા એક લગ્ન ગીતમાં સહિયરો ગાય છેઃ
''એક સૂયો ને સુતળી મંગાવો
ઓલ્યા વેવાઈનું નાક વિંધાવો.''
અણવરને સંબોધીને સહિયરો ગાય છે.
'થોડું થોડું જમજે રે અવગતિયા
તારા પેટમાં દુખશે અણવર અવગતિયા'
ગોરને સંબોધીને સહિયરો ગાય છેઃ
'ગોર કરોને ઉકેલ ગોર લટપટિયો
ગોરની કોડા જેવી આંખ ગોર લટપટિયો
ગોરનું નળિયા જેવું નાક ગોર લટપટિયો'

**૬. નારી સંવેદના :** તરણેતરના મેળામાં ઢોલી ઢોલ ધીમો વગાડે છે. ત્યારે નમણી સૈયરો ગાય છે.
''પોંચો મરડીને જરા ઢોલ ધમકાર્ય,
આમ ઢીલો વજાડ્ય શાનો ?
ઠીંકરી નથી રે કાંઈ દીધી લે હાર્યે વળી
આનો દીધો છે, એલાન આનો.
ઊંડે ના આળસ તો પીયાય પણે
હારબંધ મંડાણી સિંધીની હોટલથી
કોઈ એક પેશિયલ પ્યાલો ચાનો''
ચિત્રકાર, ફોટોગ્રાફર, કચ્છી કવિ પ્રદ્યુમ્ન તન્ના તરણેતરના મેળામાં હાજર હતા. ત્યારે ઢોલીઓ પોતાના કૂંડાળા ઘેરી ઊભા રહેતા. જેનું કૂંડાળું મોટું ને ઢોલી કાબેલ, તેટલી સૈયરો વધુ આવે. કવિએ તત્કાલ ઉપરોક્ત ગીત રચ્યું.

ઋતુગીતો, અંતર્ગત વર્ષા ઋતુમાં વરસાદ ન પડે ત્યારે શ્રમહારી પોતાના ગામ ભણીની વાટ પકડે છે. તે સમયની નારી સંવેદના નીચેના ગીતમાં જોવા મળે છે.

''મેહુલો વરસે તો ખેતર ખેડુ 'લ્યા મેહુલા
ભાત વાળીએ ભાત પાછાં વાળ્યાં રે મેહુલા
''મેહુલો વરસે તો ખેતર ખેડુ 'લ્યા મેહુલા''

વર્ષાઋતુમાં વરસાદ ન પડે તો ખેડૂ-પત્નીની હાલત કેવી કફોડી થાય છે. તેનો તાદશ ચિતાર પ્રસ્તુત લોકગીતમાં જોવા મળે છે. નારી સંવેદનાનો કરુણભાવ અહીં જોવા મળે છે.

**૭. બાળગીતમાં હાસ્યરસ :**
''ભાઈલો મારો ડાહ્યો પાટલે બેસી ના'યો
પાટલો 'ચ્યો ખસી મારો વીરો ઊઠ્યો હસી.''

**૮. કરુણ રસ :**
વાગડ (સુરેન્દ્રનગર જિલ્લો) માં પહેલાં પાણીની ખૂબ તંગી હતી. માથે પાણીનું બેડું લઈ બહેનોને માઈલો સુધી જવું પડતું હતું. તે નીચેના ગીતમાં વ્યક્ત થાય છે.
''દાદા હો દીકરી, વાગડમાં ન દેજો દીકરી''
લોકગીતોના વાહક વાદી, લુહારિયા સરાણિયાનાં ગીતોમાં તેઓ જે કામ કરતા હોય તત્સંબંધી ગીતો જોવા મળે છે. ઉદા. તરીકે -
''મુખમાં મોરલી ને હાથમાં જોળી
માથે ઉપાડ્યો કાળો નાગ''
ગંગા સતી, રવિ સાહેબ, દાસી જીવણ વગેરેનાં ગીતોમાં મરમી સંતોની વાણી જોવા મળે છે.

---

બી/૩/૧૯, સમર્પણ સોસાયટી,
પાલિકાનગર પાસે, સેન્ટ્રલ સ્કૂલના ક્વાટર્સ પાસે,
વલ્લભ વિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦
(મો) ૯૭૨૬૨ ૩૫૮૨૦

## ।। ચિંતનકણિકા ।।

## Shakespeare Quote

**આર. કે. માંડલિયા**

"Foul deeds will rise,
Though all the earth o'erwhelm them,
to men's eyes".
(Shakespeare's Hamlet Act: I Scene: II )

ઉપરોક્ત વાક્ય વિલિયમ શેકસપિયરની સૌથી વધુ ચર્ચિત અને પ્રતિષ્ઠિત કરુણાંતિકા હેમલેટનાં પ્રથમ અંકના બીજી દશ્યમાં કથાના નાયક હેમલેટના દ્વારા એકોક્તિ સ્વરૂપે બોલાયેલું છે. હેમલેટ પ્રસ્તુત વાક્યમાં જે કહેવા માગે છે તેનો આબેહુબ પડઘો ગુજરાતી ભાષાની એક કવિતામાં પડે છે અને તે કહેવત છે : ''પાપ છાપરે ચડીને પોકારે'' કોઈપણ પાપ ગમે તેટલું છાનું-છપનું કર્યું હોય પણ તે આપોઆપ પોતાનું પોત પ્રકાશે છે. બિલકુલ આ જ સૂર ઉપરોક્ત વાક્યમાં નાટ્યકાર દ્વારા આલોપાયો છે.

પોતાના પિતાના મૃત્યુના આઘાતની સાથે તેનાથી પણ વધુ કારમો આઘાત તેના માટે છે. પોતાની માતાનાં પોતાના કાકા કલોડિયસ સાથે થયેલ લગ્ન. પોતાના પતિના મૃત્યુ બાદના શોકનો પણ મલાજો રાખ્યા વગર પતિના ભાઈ સાથે અત્યંત ત્વરિત કરી લીધેલ લગ્નનાં કારણે હેમલેટ અત્યંત વિચલિત અને આઘાતજનક મનોદશામાં સરી પડે છે. હેમલેટનો અંગત મિત્ર હોરેશિયો પોતાના મિત્રને દિલાસો અને સાંત્વના દેવા માટે આવી ગયેલ છે.

હેમલેટ પોતાનો મિત્ર હોરેશિયો અને બે પરિચિત બર્નાડો અને મારસેલસ સમક્ષ પોતાના દુઃખ અને વિટંબણાને વ્યક્ત કરે છે. હેમલેટના મત મુજબ નર અને માદા પ્રાણીમાંથી જો કોઈ એકનું મૃત્યુ થાય તો તે પ્રાણીનું જોડીદાર પણ આટલી ત્વરાથી બીજા વિજાતીય પ્રાણી સાથે જીવન જીવવાનું શરૂ કરી શકે નહીં જેટલી ત્વરાથી પોતાના પતિના મૃત્યુ બાદ શોકનાં દિવસોની પણ પરવા કર્યા વગર પોતાની માતા ગર્ટ્રુડે કલોડિયસ સાથે સંસાર માંડી દીધો છે. હેમલેટને પોતાના આઘાતના કારણે એવું ભાસે છે કે જાણે તેની માતાએ પતિની ચિતા ઉપર જ બીજા લગ્નની રસોઈ રાંધી હોય.

હેમલેટનાં ત્રણેય મિત્રો હેમલેટને એ હકીકતથી વાકેફ કરે છે કે તેમણે હેમલેટના મૃત પિતાના પ્રેત સાથે વાત કરવાની કોશિશ કરી પરંતુ તે પહેલા પ્રેત અદશ્ય થઈ ગયું. હેમલેટને આ વાત થોડી આશ્ચર્યજનક અચૂક લાગે છે. પરંતુ તેઓ નક્કી કરે છે કે હવેની રાત્રિએ તેઓ ફરીથી પ્રેતની ઉપસ્થિતિની રાહ જોશે અને જો પ્રેત દશ્યમાન થશે. તો હેમલેટ પોતાના પિતાના પ્રેત સાથે સંવાદ કરવાની પણ કોશિશ કરશે.

પોતાના સાથીદારો સાથે આટલી વાત થયા બાદ તેઓ ત્રણેય તે સ્થળેથી નીકળી જાય છે. ત્યારબાદ હેમલેટ એકાંતમાં પોતાના મનોભાવોને વાચા આપતા ઉપરોક્ત વાક્ય બોલે છે. પ્રસ્તુત વાક્યમાં પાપની પોતાની એક આગવી લાક્ષણિકતા ઉજાગર થાય છે. કોઈ પણ ખોટું કાર્ય, પાપ અથવા અન્યાયપૂર્ણ કૃત્ય લાંબા સમય સુધી છુપાવી શકાતું નથી. પાપ અને હીનકૃત્ય તો આપોઆપ પોતાનું પોત પ્રકાશે છે. તેના માટે કોઈ ખાસ પ્રયત્નો કરવાની પણ જરૂરત પડતી નથી. પાપને છુપાવવા માટેના માનવીનાં તમામ પ્રયત્નો વ્યર્થ નિવડતા હોય છે. હીનકૃત્યો તો આપોઆપ સપાટી ઉપર આવી જતાં હોય છે. ચાહે માનવી તેને છુપાવવાની લાખ કોશિશ કરે. પ્રસ્તુત વાક્યમાં નાટ્યકાર શેક્સપિયર દ્વારા આ સત્યને ઉજાગર કરવામાં આવ્યું છે.

(મો) ૮૩૨૦૧ ૯૫૨૮૨

**બીજાના પાપો આપણી સામે રહે છે**
**પણ આપણાં પાપો આપણી પીઠ પાછળ રહે છે – સેનેકા**

 ISSN 0976-9609

## ।। સાંપ્રત ।।

## આપણા પદવીધારી યુવાનોનું શું થશે ?

ડંકેશ ઓઝા

સમાચાર એવા છે કે કેરલમ્ નામના દક્ષિણ ભારતના રાજ્યમાં વયોવૃદ્ધોની કાળજી માટે નવી ચૂંટાયેલી સરકારે એક અલગ વિભાગ શરૂ કર્યો છે. વૃદ્ધોની સંખ્યા એટલે વધી રહી છે કે આપણી સરેરાશ આયુષ્ય રેખા સારી થઈ છે. સમાજ એમની ચિંતા કરે એ જરૂરી પણ છે. પરંતુ સમાજની ખરી મૂડી અને ખરું ભવિષ્ય દેશના યુવાનો હોય છે. એમને માટે વર્ષોથી સરકારમાં વિભાગો હોવા છતાં એમની સમસ્યાઓ વિશે બહુ ધ્યાન અપાતું ન હોય એવું લાગ્યા કરે છે.

સમકાલીન સ્થિતિની વાત કરીએ તો સ્પર્ધાત્મક પરીક્ષાઓ યુવાનોને પીડે છે. સમયસર નિયમિત રીતે એની જાહેરાત ન આવે, એના પેપરો ફૂટી જાય, પરીક્ષાઓ ફરી લેવી પડે, એની પ્રક્રિયા પૂરી થવામાં, નિમણૂકમાં વર્ષો લાગી જાય એના કોઈ ઊકેલો થતા હોય એવું લાગતું નથી. તબીબી ક્ષેત્રમાં પ્રવેશ માટે પરીક્ષા લેવામાં આવી એ નીટની પરીક્ષાનું પેપર ફૂટી જવાને કારણે હવે બધા ઉમેદવારોને વધુ એકવાર એની એ જ પરીક્ષાની તૈયારી કરવી પડી અને આપવી પડી.

વિવિધ શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય-કક્ષાએ આવી પરીક્ષાઓ યોજાય છે. તબીબી, ઈજનેરી અને મેનેજમેન્ટ આ ક્ષેત્રોમાં પ્રવેશ માટે જે પરીક્ષાઓ લેવાય છે તેની તૈયારી બે ત્રણ વર્ષો પૂર્વેથી શરૂ થઈ જાય છે. એનું એક આખું બજાર ઊભું થઈ ગયું છે, કારણ એની એટલી વ્યાપક માંગ છે. એમાં ભાગ લેતા યુવાનો એટલું ઈચ્છે છે કે પરીક્ષાઓ સમયસર લેવાતી રહે, પરિણામો સમયસર બહાર પડતાં રહે, એ પ્રક્રિયામાં કોઈ બિનજરૂરી અવરોધો ઊભા ન થાય. ક્યારેક યુવાનોની આ લઘુતમ અપેક્ષાઓ પણ સંતોષાતી નથી.

શિક્ષણનું ક્ષેત્ર અતિ મહત્ત્વનું છે. એમાં શિક્ષક બનવા માટે વિશેષ અભ્યાસક્રમો છે. એ પૂરો કયા પછી પણ 'ટેટ', 'ટાટ' નામની બે પરીક્ષાઓ પાસ કરવી અનિવાર્ય છે. એ વિના નોકરી મળતી નથી. થોડા સમય પર એમાં પણ ઘણા ગોટાળા થયા. એના ઉમેદવારોએ એટલે કે ભાવિ શિક્ષકોએ રાજ્યની રાજધાનીમાં દેખાવો કરવા પડ્યા. એ દરમ્યાન કેટલાકને પોલીસોના હાથે  માર ખાવાનો – ઈજાગ્રસ્ત બનવાનો, પણ પ્રસંગ ઊભો થયો.

યુપીએસી – જીપીએસસીની પરીક્ષાઓ ઉચ્ચ અધિકારીની પસંદગી માટે હોય છે. કેન્દ્રની પરીક્ષાઓનું કેલેન્ડર બરાબર જળવાય અને રાજ્યની પરીક્ષાઓનું કેલેન્ડર અનિયમિત હોય એવું ચાલતું જ આવે છે. પરિણામો તો મોડાં આવે જે. પણ પરિણામો પછી નિમણૂક મેળવવામાં પણ એકાદ વર્ષ કે તેથી વધુ સમય વીતી જતો હોય છે ! કોર્ટ કેસો અને આન્સર કી ની ગુણવત્તાના પ્રશ્નો તો ઊભા જ હોય છે.

સ્નાતક થયેલા દેશના યુવાનો સાથે સમાજ અને સરકાર જે વર્તાવ કરે છે તે અત્યંત ચિંતાજનક છે. આપણને ખ્યાલ આવતો નથી કે આ નકારાત્મક અસરોનો ભોગ બનનારો પછી કઈ રીતે કાયમી વિધાયક માનસિકતા કેળવશે ? એની ધીરજ અને સહનશીલતાની કસોટી કરવામાં આપણા તંત્રે કશું જ બાકી રાખ્યું નથી. તેમ છતાં આપણી એની પાસે અપેક્ષાઓ તો ઊંચી જ રહેવાની. એના માથે જ નવી જવાબદારી આવવાની છે કે એના પછી આગળ આવતી પેઢી કેવી રીતે પોતે ભોગવેલાં દુઃખોનો ભોગ ન બને. ભારતમાં ઘણી બધી વાર મુશ્કેલી એ હોય છે કે નવી આવતી પેઢીને વળી એની એ જ દુઃખદાયક પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે. આ પરિક્રમાનો અત દેખાતો નથી.

રાજ્યના ઉચ્ચ અધિકારીઓ માટેની જે પરીક્ષાઓ ત્રણ તબક્કે લેવાય છે. તેના છેલ્લા તબક્કે

ઈન્ટરવ્યૂની એટલે કે મૌખિક પરીક્ષા મહત્ત્વની બનીને આવે છે. એમાં સફળ થયા તો જીવનનૈયા પાર ઊતરી જાય. પણ ખરી મુશ્કેલી અહીં જ આવીને ઊભી રહી છે. જાહેર આયોગ માટે આ આખરી તબક્કાનું આયોજન કરવું એ જ સહેલુંસટ નથી. કારણ એ છે કે આવી ઉચ્ચ બંધારણીય સંસ્થામાં જેટલા સભ્યો અને અધ્યક્ષની નિમણૂક થયેલી હોવી જોઈએ તે જ થયું હોતું નથી, થતું નથી.

સુશાસનના તાલીમી વર્ગો ગોઠવાય છે. પરંતુ એમાં જોડાયેલો કર્મચારી-અધિકારી વર્ગ જાણે છે એ એનો માથાનો દુખાવો તો ખાલી જગ્યાઓનો છે. મંજૂર થયેલ જગ્યાઓમાંથી ઓછી ભરાયેલી હોય અને ખાલી વધુ હોય એવા સંજોગોમાં શાસનને સફળ પરિણામદાયી અને સુશાસન કેમ બનાવવું એ જ મોટી સમસ્યાઓ બનીને ઊભરી આવે છે.

આરોગ્યતંત્ર હોય, પોલીસતંત્ર હોય, શાળા કોલેજો હોય કે સરકારી કચેરીઓ હોય, નાના કર્મચારીઓ એ તંત્રના હાથ-પગ હોય છે. એ લકવાગ્રસ્ત હોય, એ ગેરહાજર હોય, તો તંત્ર પોતાનો હિસાબ કેવી રીતે આપી શકે એ પ્રશ્ન મસમોટો છે. ધારાસભ્યનું અવસાન થાય તો જોગવાઈ છે કે વધુમાં વધુ છ માસમાં પેટાચૂંટણી યોજીને પેલી ખાલી જગ્યા પૂરી દેવી. આવી કોઈ જોગવાઈ વહીવટીતંત્ર અંગે બંધનકર્તા કેમ નથી એ મોટી સમસ્યા છે.

સરકારે જે મહેકમ નક્કી કર્યું છે તે સદાય માટે કાર્યરત હોય એવું આયોજન તો હોવું જોઈએ. આ સંદર્ભમાં આપણે અંગ્રેજ વહીવટને પણ પાછળ પાડી દીધો હોય એવું જણાય છે. કેટલાક લોકો તો એથી આગળ વધીને દેશી રજવાડાના વહીવટને વખાણે છે. એનાં ઉદાહરણો આપે છે. આઝાદ ભારતમાં સરકારો બદલાતી રહે છે. પણ પેલી ખાલી જગ્યાઓ ભરવાની સ્થિતિ પૂરેપૂરી બદલાતી નથી. પ્રજા તરીકે લાભાર્થીઓ તો એનો ભોગ બને જ છે. પણ એથી વધુ ભોગ બને છે. આપણી યુવાપેઢી સમાનતાઓ એક અર્થ એ છે તકની સમાનતા ઊભી કરવી. તમારી યોગ્ય વયે, યોગ્ય સમયે, તક જ ઉપલબ્ધ ન હોય તો તમે તમારું હીર કેવી રીતે પ્રગટ કરી શકો ?

યુવાનોની આ અકથ્ય પીડાનો કોઈ ઉકેલ નજરે પડતો નથી. આઝાદ ભારતમાં નાગરિકો અને યુવાનો એટલા તો ડરેલા છે કે પોતાની વ્યથા રજૂ કરતાં પણ ડરે છે. એમાં એમને નુકસાન દેખાય છે. રખેને તંત્ર એને કોઈ રીતે મુશ્કેલીમાં મૂકી દેશે તો ? આખા સમાજનો જો માહોલ આ હોય તો આપણે કઈ આઝાદી મેળવી અને કેટલા આઝાદ કહેવાઈએ એ સવાલ તો ઊભા થવાના. સરકાર વધુ આઝાદ હોય ને નાગરિક બંદીવાન હોય તો એને સાચી લોકશાહી ન કહી શકાય. લોકશાહી એટલે લોકો પોતાને આઝાદ અનુભવે, મજબૂત અનુભવે અને મુક્ત અનુભવે.

---

૬, સ્વાગત સીટી,
મુ.પો.અડાલજ-૩૮૨૪૨૧, (મો) ૯૭૨૫૦૨૮૨૭૪

---

Education and success are inextricably linked,
forming the cornerstone of personal growth and achievement.

Uplifting words can capture your imagination and make you appreciate learning all over again.

“As you read through this treasure trove of exciting ideas, get ready to be taken through the halls of education, where the pursuit of knowledge and the pursuit of dreams are intertwined."

## ।। સમીક્ષા ।।

## ખમીરવંતી નારીની વિરલ જીવનગાથા: 'ધ રામબાઈ'

રિંકલ વણકર

ગુજરાતી સાહિત્ય જગતમાં 'વિશ્વમાનવ' (૨૦૧૪) અને 'નોર્થપોલ' (૨૦૧૭) જેવી નોખા વિષયોની નવલકથાઓ દ્વારા લોકપ્રિયતા મેળવનાર યુવાસર્જક જીતેશ દોંગાનો જન્મ અમરેલી જિલ્લાના સરંભડા ગામે વર્ષ ૧૯૯૧માં એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેઓ પોતે ખેડૂતપુત્ર હોવાનું પ્રત્યક્ષ રીતે ન દર્શાવે તોપણ તેમની કૃતિઓમાંથી પસાર થતાં આપણને તેમની માટી સાથે જોડાયેલા મમત્વનો આબેહૂબ પરિચય થાય છે. વૈશ્વિક વિષયો પર કલમ ચલાવ્યા બાદ તેઓ 'ધ રામબાઈ' (૨૦૨૦) જેવી એક સબળ ચરિત્રાત્મક નવલકથા લઈને આવ્યા છે. નવલકથાનો આરંભ વર્ષ ૧૯૪૩માં, આઝાદીના ચાર વર્ષ પહેલાં, અમરેલીના એક ગામમાં ચોમાસાની વહેલી સવારે ચૌદ વર્ષની રામબાઈ ફળિયામાં બાજરાના રોટલા ટીપી રહી છે. આ નવલકથાની નાયિકા કાઠિયાવાડના ગ્રામીણ પરિવેશમાં જન્મેલી એક ખમીરવંતી નારી છે. નવલકથામાં રામબાઈના ૧૩ વર્ષથી લઈને ૮૦ વર્ષ સુધીના સમગ્ર જીવનકાળ અને તેના સંઘર્ષોને વણી લેવામાં આવ્યા છે, જેનો સમયપટ વીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ થઈને એકવીસમી સદીના પૂર્વાર્ધ સુધી વિસ્તરે છે.

જ્યારે આપણો દેશ આઝાદ પણ નહોતો થયો અને સ્ત્રી અધિકારોની વાતો જોજનો દૂર હતી, તેવા રૂઢિચુસ્ત સમયમાં રામબાઈના પિતા ગીગાભાઈ (જેમને ગામ લોકો ગીગો ગાંડો કહેતા) તેમના મગજમાં સૂરજનો તાપ ચડવાને કારણે અસ્થિર મગજના હોવાથી કૂવામાં પૂનમનો ચાંદો જોઈને તેને સૂરજ સમજીને પકડવા જતાં કૂવામાં કૂદી પડ્યા હતા, જેના કારણે તેમનું અવસાન થયું હતું. પિતાના અકસ્માત અને કરુણ આકસ્મિક મૃત્યુ બાદ આખું ગામ આઘાતમાં સરી પડવાને બદલે માત્ર તમાશો જોતું રહ્યું. ગીગાભાઈને લોકો અસ્થિર મગજના અને ગાંડા ગણતા હોવાથી, સમાજની સંકુચિત માનસિકતાને કારણે કોઈ તેમની અંતિમયાત્રામાં આગળ આવ્યું નહીં અને ગ્રામજનોએ આ ગરીબ પરિવારને કોઈ પણ પ્રકારની સામાજિક મદદ ન કરી. તે રૂઢિચુસ્ત સમયમાં સ્ત્રીઓ માટે સ્મશાને જવું કે અગ્નિદાહ આપવો એ એક બહુ મોટો સામાજિક ગુનો કે નિષેધ માનવામાં આવતો હતો. પરંતુ, આવી કપરી અને લાચાર પરિસ્થિતિમાં જ્યારે પિતાના શબને કાંધ આપવા કે મુખાગ્નિ આપવા કોઈ પુરુષ આગળ ન આવ્યો, ત્યારે ચૌદ વર્ષની કિશોરી રામબાઈ રૂઢિચુસ્ત સમાજના તમામ બંધનો અને ખોટા નિયમોને ફગાવી દે છે. તે પોતે જ આગળ આવીને પોતાના મૃત પિતાને અગ્નિદાહ આપવાની અભૂતપૂર્વ હિંમત બતાવે છે.

પિતાના આ સામાજિક સંઘર્ષના થોડા જ સમયમાં માતા મંગુબહેન પણ ગામમાં ફેલાયેલી વાતો મુજબ ખેતરેથી અંધારામાં ડાકુઓ દ્વારા અપહરણ પામીને રહસ્યમય રીતે અલોપ થઈ જાય છે. આમ, અચાનક જ માતા-પિતા બંનેની આકાશી આફત જેવી વિદાય પછી રામબાઈના માથે પોતાના ભાઈ-બહેનોની જવાબદારીનો મોટો પહાડ આવી પડે છે. ગીગાભાઈ અને મંગુબહેનના આ પરિવારમાં રામબાઈ એકલા નહોતા. તેમનું પ્રથમ સંતાન અને રામબાઈથી મોટી બહેન તે પાની હતી. જ્યારે રામબાઈથી નાની એક બહેન સાકર અને સૌથી નાનો ભાઈ ખોડો હતો, જે જન્મથી જ મગજથી થોડો અસ્થિર અને મંદબુદ્ધિનો હતો. આમ, પોતાના ભાઈ-બહેનોમાં વચ્ચેના ક્રમે હોવા છતાં, રામબાઈ મોટી બહેન પાનીથી નાની અને સાકર તેમજ ખોડાથી મોટી હોવા છતાં, તેમણે નાની ઉંમરે જ એક વડીલ જેવી ગંભીરતા ધારણ કરી લીધી. માતા-પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ, કિશોરાવસ્થાની

નાજુક ઉંમરે આ ખમીરવંતી નારીએ દુનિયાના મહેણાં-ટોણા સહન કરીને પણ એકલહાથે પોતાના આ ભાઈ-બહેનોનો ઉછેર કર્યો અને જીવનના અસહ્ય સંઘર્ષો સામે અડીખમ ઊભા રહેવાની અદ્‌ભુત હિંમત બતાવી.

બીજી તરફ, વીરજી ચલાલાથી આશરે પાંચેક ગામ દૂર આવેલા હામાપુર ગામનો વતની અને પંદરેક વર્ષનો એક ભોળો, પાતળો તથા ખડતલ અનાથ તરુણ હતો. બાળપણમાં જ માતાને અને ત્યારબાદ પિતાને ગુમાવ્યા પછી તે પોતાની ત્રણ વીઘા જમીન અને પિતાની એકમાત્ર કાળી ઘોડી સાથે એકલો જ રહેતો હતો. વીરજી અને રામબાઈના લગ્ન વીરજીના પિતા દ્વારા ગીગાભાઈને અપાયેલા એક વચનના કારણે નક્કી થયા હતા. વર્ષો પહેલાં એક રાત્રે અસ્થિર મગજના ગીગાભાઈ ભાગતા-ભાગતા હામાપુર ગામે વીરજીના ખેતરે પીપરના ઝાડ નીચે પહોંચી ગયા હતા. વીરજીના પિતા ખૂબ જ ભલા માણસ હોવાથી તેઓ ગીગાભાઈને પોતાના ઘરે લાવ્યા, ખાટલે સુવડાવ્યા અને હાથે રોટલા બનાવીને ખવડાવ્યા હતા. તે મોડી રાત્રે બંને વચ્ચે લાંબી વાતો થઈ, જેમાં દીકરીઓની ચિંતા કરતા ગીગાભાઈએ વીરજીના પિતા પાસે એક વચન માંગ્યું કે ભવિષ્યમાં તેઓ પોતાની ગેરહાજરીમાં પણ વીરજીના લગ્ન તેમની નાની દીકરી રમીલા (રામબાઈ) સાથે કરાવે. વીરજીના પિતાએ ગીગાભાઈને આ વચન આપ્યું હતું, જે વાત તેમણે પોતાના મૃત્યુના બે વર્ષ પહેલાં વીરજીને જણાવી હતી. પિતાના એ જ વેણને પાળવા માટે વીરજી એક સવારે ઘોડી લઈને ચલાલા રામબાઈના ઘરે માગું લઈને આવ્યો હતો.

રામબાઈ શરૂઆતમાં પોતાના ભાઈ-બહેનોની જવાબદારીને કારણે ઘર છોડવા તૈયાર નહોતી, પરંતુ વીરજીએ તેના ભાંડુડાંને પોતાના ગણીને તેમની તમામ જવાબદારીઓ ઉપાડવાની અને ક્યારેય તેમનાથી આઘા ન જવાની વાત કરી. આથી રામબાઈ અનાથ વીરજી સાથે ખૂબ જ ઉતાવળમાં (તે જ દિવસે ગામલોકોની હાજરીમાં) લગ્નગ્રંથિથી જોડાય છે, જેના કારણે સાસરે પહોંચતાં જ ગ્રામજનો ''ભાગેડું બૈરી બોવ ભૂંડી'' જેવી વાતો કરીને તેનો તિરસ્કાર કરે છે. શરૂઆતમાં જ્યારે વીરજી તેને રામમંદિર આવવા કહે છે, ત્યારે હજી માતાના વિરહની ઝંખનામાં ડૂબેલી રામબાઈ સાફ મનાઈ કરતાં કહે છે કે, ''જેદી તમાર ભગવાન મારી માને મારી પાહે પાસી મોકલશે તે દી જ મંદિર આવીહ'' (પૃ.૭૩). ભલે તે પ્રત્યક્ષ રીતે મંદિર જતી નથી, પણ પ્રભુ રામ તો તેના હૃદયમાં સદાય વસેલા હતા. રામબાઈ અને વીરજી સખત મજૂરી કરીને જીવનનિર્વાહ કરે છે અને લગ્નના દસ જ વર્ષમાં ભાઈ-બહેનો પ્રત્યેની જવાબદારીઓ પૂરી કરીને પોતાની જમીન પણ ખરીદે છે. પરંતુ, સંસાર સુખને જ સર્વોપરી માનતા સમાજની કુરુઢિઓનો ભોગ રામબાઈને બનવું પડે છે. લગ્નજીવનના વર્ષો બાદ પણ સંતાન ન થતાં ગામલોકો તેને વાંઝણી કહીને મહેણાં-ટોણાં મારે છે અને તેની સાથે અસ્પૃશ્ય જેવો વ્યવહાર થાય છે. તેની પોતાની સખી શારદા પણ જ્યારે ક્રૂરતાપૂર્વક એમ કહી જાય છે કે, ''તું જ ખા સો માર સોકરાંવને. તું જ સો ભમરાળી'' (પૃ.૧૩૨), ત્યારે રામબાઈ સ્તબ્ધ થઈ જાય છે અને ઓરડામાં ભરાયેલો વીરજી પણ આ આઘાત સહન ન થતાં રડી પડે છે. વીરજી રામબાઈને અતિશય ચાહતો હતો અને તેણે અગાઉ પણ રામબાઈને કહ્યું હતું કે, ''બાઈતું મારી ભગવાન સો'' (પૃ.૧૩૪).

પરંતુ વિધાતાના લેખ જુદા હતા અને એ વહાલસોયો વીરજી પણ એક દિવસ રામબાઈને દુનિયામાં એકલી મૂકીને છોડી જાય છે. વીરજીના પિતાની જેમ જ વીરજીનું મૃત્યુ પણ આકાશી આપત્તિને કારણે થાય છે; એક દિવસ વાડીએ ઊભા રહેલા વીરજી માથે અચાનક આકાશી વીજળી ત્રાટકતાં તેનું કરુણ અવસાન થાય છે. રામબાઈ પોતે જ પતિના અગ્નિસંસ્કાર કરે છે. પતિના અવસાનના

 ISSN 0976-9609

આઘાતમાંથી માંડ બહાર આવીને એક મહિના પછી જ્યારે તે ઘરની બહાર નીકળે છે, ત્યારે તેને સામેના રામમંદિરે વીરજી ઊભેલો દેખાય છે. ક્યારેય મંદિર ન જનારી રામબાઈ દોડીને ત્યાં જાય છે ત્યારે એક અકલ્પ્ય ઘટના ઘટે છે-તેને દીકરી 'દેવુડી'ની પ્રાપ્તિ થાય છે. આ દેવુડી કોઈ હાડચામનું સંતાન નહીં, પણ તેના આત્માનું સંતાન હતી જે માત્ર રામબાઈને જ દેખાતી હતી. દીકરીના જન્મની ખુશીમાં રામબાઈ આખા ગામમાં પેંડા વહેંચે છે ત્યારે લોકો તેની મશ્કરી કરે છે, પણ દુનિયાથી પર થઈ ચૂકેલી રામબાઈને એનાથી કોઈ ફરક પડતો નથી અને તે પોતાની દીકરીના પ્રેમમાં વ્યસ્ત રહે છે.

એક દિવસ ધોધમાર વરસાદમાં રામબાઈને એવી અનુભૂતિ થાય છે કે સાક્ષાત કુદરત તેને ભેટી રહી છે. મનમાં જાગેલા અનેક પ્રશ્નોના નિવારણ માટે તે દેવુડીને સાથે લઈને ગીરના જંગલોની સફરે નીકળી પડે છે. પ્રકૃતિને જ માતા માનીને તે ગાઢ અરણ્યમાં હાથ જોડીને બેસી રહે છે અને ભય વગર સિંહોના ટોળાને નદીકિનારે પાણી પીતા જુએ છે. એક રાત્રે સતત ચાર કલાક સુધી ખાઈમાં બેસીને તારાઓ નિહાળતી વખતે એક તારો તૂટીને પ્રકાશ પાથરે છે, જે જોઈને રામબાઈ કુદરતના રહસ્યોનો તાગ મેળવવાનો દૃઢ નિશ્ચય કરે છે. સમય સરકતો રહે છે અને રામબાઈના ભાણેજ કાળુના ઘરે દીકરા જીતેશ (લેખક)નો જન્મ થાય છે. જન્મ બાદ બાળક જીતુ ખૂબ બીમાર પડતાં ૬૧ વર્ષની વયે રામબાઈ તેને પોતાનું સ્તનપાન કરાવે છે. જે સ્ત્રીને આખું ગામ વાંઝણી કહીને ધુત્કારતું હતું, તે સ્ત્રીએ જ આ નવલકથાના લેખકને નવજીવન આપ્યું હતું. અહીંથી લેખક પોતાના અને રામબાઈના આત્મીય સંબંધોનું સુંદર આલેખન કરે છે. વેકેશનમાં જીતુ રામબાઈના ઘરે જાય છે, જ્યાં બંને વચ્ચે અવનવી ચર્ચાઓ થાય છે. જીતુ તેના માટે પાટી-પેન લાવે છે અને રામબાઈ આ મોટી ઉંમરે અક્ષરજ્ઞાન મેળવે છે. જીતુ જ્યારે પરત જવાનો હોય છે ત્યારે રામબાઈ તેને જીવનનો મોટો મંત્ર આપતાં કહે છે કે, ''રામાયણ માફ કરતાં શીખવે સે. બીજાને ને પોતાને. બધાને'' (પૃ.૨૫૨). જીવનભર અસહ્ય યાતનાઓ ભોગવવા છતાં રામબાઈના મનમાં કોઈ વેરવૃત્તિ નહોતી, તેણે સહુને માફ કર્યા હતા. જીતુના ગયા પછીના બે વર્ષમાં તે પત્રવ્યવહાર કરી શકે એટલું લખતા-વાંચતા શીખી જાય છે અને નવું શીખવાની કોઈ ઉંમર હોતી નથી એ હકીકતને સાર્થક કરી બતાવે છે. તેનો પત્ર મળતાં જ જીતુની આંખોમાંથી આંસુ સરી પડે છે.

ત્યારબાદ જીતુ અને રામબાઈ વચ્ચે સતત પત્રો દ્વારા ડાયનાસોર, વરસાદ અને બ્રહ્માંડના તારાઓ વિશે સંવાદો ચાલે છે. રામબાઈ ધોરણ-૮ સુધીનું વિજ્ઞાન વાંચી લે છે. જીતુની બ્રહ્માંડના તારાઓ જોવાની જિજ્ઞાસા સંતોષવા માટે, આ ક્યારેક નિરક્ષર રહેલી સ્ત્રી ઈસરોના (ISRO) વૈજ્ઞાનિક શંકરભાઈ સાથે પત્રવ્યવહાર કરીને અમદાવાદ ઈસરો કેન્દ્ર પહોંચે છે. ત્યાં શંકરભાઈના ઘરે ટેલિસ્કોપમાંથી આકાશદર્શન કરીને તે ભાવવિભોર થઈ બે હાથ જોડી લે છે. સમય જતાં જીતુ શાળા-કોલેજના અભ્યાસ દરમિયાન વિદ્યાનગરમાં રહેવા જાય છે અને યુવાનીના પ્રવાહમાં આવીને રામબાઈને ભૂલી જાય છે. એક દિવસ રિક્ષાના ટાયર નીચે ખિસકોલી આવી જતાં તેનું હૃદય દ્રવી ઊઠે છે અને તે લેખક બનવાનું નક્કી કરે છે, કારણ કે બાળપણમાં રામબાઈએ જ તેને કલ્પનાઓ અને વાર્તાઓ ઘડતા શીખવ્યું હતું. વર્ષો પછી જ્યારે વીસમી સદી આથમવાની તૈયારીમાં હોય છે ત્યારે જીતુ ગામડે પાછો ફરે છે. ગામના સૂના પાદરો અને ખાલી બસો જોઈને તેને નગરસંસ્કૃતિ તરફ આકર્ષાયેલા માનવીઓ અને ગામડાનો ખાલીપો દેખાય છે. ઉત્તરાયણના દિવસોમાં જ્યારે જીતુ રામબાઈને મળીને તેના હાલચાલ પૂછે છે, ત્યારે રામબાઈનો સંતોષી જવાબ હોય છે કે, ''અખંડ શાંતિ સે મારા ભાઈ. આનંદ આનંદ સે'' (પૃ.૩૨૧). બ્રહ્મત્વને પામી

ચૂકેલી રામબાઈને હવે મૃત્યુના ભણકારા વાગે છે અને વીરજી તેને તેડવા આવી રહ્યો હોવાનો ભાસ થાય છે. તે જીતુને વહાલથી કહે છે કે, ''આવતા ભવમાં મારો દીકરો થાજે હો. મારા પેટે જનમજે'' (પૃ.૩૩૨). ઉત્તરાયણના એ જ દિવસે એક તરફ જીતુ આકાશમાં પતંગ ચગાવે છે અને બીજી તરફ રામબાઈ આ સંસારમાંથી વિદાય લે છે. જીતુ રામબાઈના પાર્થિવ દેહને અગ્નિદાહ આપીને તેનો સાચો દીકરો પુરવાર થાય છે.

રામબાઈ એક એવી વિરલ નારી હતી જેણે સંસારમાં ઘણું ગુમાવ્યું પરંતુ અંતે આધ્યાત્મિક ઉન્નતિ અને બ્રહ્મત્વ પ્રાપ્ત કર્યું. પરિવારે સાથ છોડ્યો, સમાજે વાંઝણી કહીને તિરસ્કાર કર્યો, છતાં તેણે નકારાત્મકતાને બદલે પ્રકૃતિના રહસ્યોને સમજવાનો, અક્ષરજ્ઞાન મેળવવાનો અને સત્યની શોધનો એક સાવ અનોખો માર્ગ પસંદ કર્યો. સિત્તેર વર્ષની ઉંમરે ઈસરો સુધી પહોંચનારી આ સ્ત્રી ખરેખર અસામાન્ય હતી. લેખકે આ નવલકથા દ્વારા રામબાઈના અદ્ભુત જીવનને સાહિત્યિક ન્યાય આપ્યો છે. એક બહેન, પત્ની અને માતા તરીકેની તમામ ફરજો આદર્શ રીતે નિભાવીને આ દુનિયામાંથી વિદાય લેનારી રામબાઈ આ કૃતિ દ્વારા વાચકોના હૃદયમાં સદાય જીવંત અને પ્રેરણારૂપ બની રહેશે.

**સંદર્ભ :**


દોંગા જીતેશ, 'ધ રામબાઈ,'
પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,
દ્વિતીય આવૃત્તિ-૨૦૨૧, મૂલ્ય - રૂા.૨૬૨, પૃષ્ઠ - ૩૫૨.


---


(શોધાર્થી) અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
આણંદ-૩૮૮૧૨૦ (મો.) ૬૩૫૧૭૫૩૦૭૬
ઈમેલ-rinkalvankar72gmail.com


---

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી**–એન.એસ.એસ વિભાગ, સરદાર પટેલ યુનિ.''સક્ષમ'' વિભાગ તેમજ સેતુ ટ્રસ્ટ, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે હેલન કેલર જન્મજયંતિ નિમિતે ''હેલન કેલર જીવન સંદેશ ક્વિઝ કોમ્પિટિશન''નું સેતુ ટ્રસ્ટના સ્થાપક અને જનરલ સેક્રેટરી શ્રીમતી સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં હેલન કેલરના પ્રેરણાદાયી જીવન, દિવ્યાંગો પ્રત્યે સંવેદનશીલતા, સામાજિક જવાબદારી અને સરકારની વિવિધ યોજનાઓ અંગે જાગૃતિ લાવવાનો હતો. સ્પર્ધામાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ક્વિઝમાં કુલ ચાર મહત્ત્વપૂર્ણ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો જેમાં, હેલન કેલરનો જીવન ઇતિહાસ, દિવ્યાંગતાના વિવિધ પ્રકારો, લક્ષણો અને કારણો તેમજ દિવ્યાંગજનોને સરકાર તરફથી મળતા વિવિધ લાભ અને યોજનાઓ અંગે પ્રશ્નોત્તરી યોજાઈ હતી. સ્પર્ધાના અંતે પ્રથમ-જાહ્નવી ઝાલા, દ્વિતીય-તુલસી ભરવાડ અને તૃતીય-રોહિણી રાઠવા તેમજ ધો.૧૦, ૧૨ તેમજ યુનિ. પરીક્ષાઓ દરમિયાન પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે રાઇટર તરીકે નિઃસ્વાર્થ સેવા આપનાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિ. સક્ષમ વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ.દિલીપભાઈ શર્મા મુખ્ય અતિથિ જ્યારે શાળાના આચાર્ય ડૉ.અમીતકુમાર ભટ્ટ, નિરીક્ષકશ્રી પંકજભાઈ સોલંકી તેમજ NSSના પ્રો.ઓ. શ્રી પ્રકાશભાઈ સોલંકી, ડૉ.રોહિણીબા પરમાર, તેમજ સેતુ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી રાધાબેન પટેલ, સેતુ યુવા ગ્રુપના ચેરમેન વંદન કળથીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન વિદ્યાર્થિની કુ.અદિતિ સરગરાએ કર્યું હતું.

## ।। આયુર્વેદ ।।

# ચિંતાથી ચિત્તભ્રમ સુધી : યુવા પેઢીના માનસિક રોગોનું આયુર્વેદીય વિશ્લેષણ

[1]સરિતા ભુતડા [2]આશિષ એમ. ભાડાણિયા

**પ્રસ્તાવના :** આધુનિક યુગમાં ટેકનોલોજી માનવજીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, ઓનલાઈન ગેમિંગ, ટેલિવિઝન અને સતત સ્ક્રીનનો ઉપયોગ આજના બાળકો, યુવાનો તથા વૃદ્ધોમાં ગંભીર માનસિક અને શારીરિક સમસ્યાઓ ઊભી કરી રહ્યો છે

એક સમય એવો હતો જ્યારે માણસ કુદરત સાથે જીવતો હતો. સવાર સૂર્યોદયથી શરૂ થતી અને રાત્રિ આરામ માટે હતી. પરંતુ આજના ડિજિટલ યુગમાં માણસનું જીવન સ્ક્રીનથી શરૂ થઈ સ્ક્રીન પર જ પૂર્ણ થાય છે. જાગતાં જ મોબાઈલ, કામ દરમિયાન લેપટોપ, મનોરંજન માટે OTT અને સૂતા પહેલા સોશિયલ મીડિયા - આ ચક્ર માનવમનને સતત ઉત્તેજિત રાખે છે.

આયુર્વેદમાં મનના ત્રણ ગુણ-સત્ત્વ, રજસ અને તમસ  વર્ણવવામાં આવ્યા છે. અતિશય સ્ક્રીન ઉપયોગ રજસ અને તમસમાં વધારો કરી મનની સ્થિરતા અને શાંતિને નષ્ટ કરે છે. પરિણામે ચિંતા, ક્રોધ, એકલતા, આંખોના વિકારો, નિદ્રાનાશ, સ્મૃતિભ્રંશ અને ડિપ્રેશન જેવા રોગો વધતા જાય છે.

આ લેખમાં આધુનિક સ્ક્રીન સંસ્કૃતિના માનસિક આરોગ્ય પર પડતા પ્રભાવ, તેની ભવિષ્યમાં સર્જાનારી બીમારીઓ અને આયુર્વેદીય નિવારણ પદ્ધતિઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**માનસિક આરોગ્ય શું છે ?**

Ayurveda અનુસાર મન, બુદ્ધિ, સ્મૃતિ અને ચેતનાની સંતુલિત અવસ્થા માનસિક સ્વાસ્થ્ય કહેવાય છે. જ્યારે વ્યક્તિ પોતાની લાગણીઓને નિયંત્રિત કરી શકે, યોગ્ય નિર્ણય લઈ શકે અને સમાજ સાથે સ્વસ્થ રીતે જોડાઈ શકે ત્યારે તેને માનસિક રીતે સ્વસ્થ માનવામાં આવે છે.

આધુનિક વિજ્ઞાન અનુસાર પણ માનસિક આરોગ્ય માત્ર ''રોગ ન હોવો'' નથી, પરંતુ ભાવનાત્મક, સામાજિક અને માનસિક સુખાકારી છે.

આજના યુગમાં વધતી માનસિક સમસ્યાઓનું મુખ્ય કારણ વર્ષો પહેલા આયુર્વેદમાં વર્ણવેલ છે.

सततं न निरीक्षेत चलसूक्ष्माप्रियाणि च ।
नाप्रशस्तं न विण्मूत्रं न दर्पणममार्जितम् ।।
(As. San., Su. Sthan, 3/100)

સતત ને સતત કોઈપણ ચલ અને સૂક્ષ્મ વસ્તુઓનું નિરીક્ષણ કરવામાં આવે એટલે કે હાલની મોબાઈલ અને કોમ્પ્યુટર સ્ક્રીન જોવામાં આવે તો શરીરને અપ્રિય એવા ઘણી બધી માનસિક સમસ્યાઓ નો સામનો કરવો પડે છે.

**ત્રણેય પેઢીમાં જોવા મળતી અસરો :**

**૧. બાળકોમાં અસર**

આજના બાળકો ખુલ્લા મેદાન કરતાં મોબાઈલ સ્ક્રીન સાથે વધુ સમય વિતાવે છે. કાર્ટૂન, ઓનલાઈન ગેમ્સ અને જમતા જમતા પણ સતત વિડિયો અને મોબાઈલ જોવાની ટેવથી સરખું ભોજન પણ નથી કરતા અને આ જ મોબાઈલ સ્વાદ, પોષણ બધું છીનવી લે છે . આ બધી જ વસ્તુઓ તેમની મગજની કુદરતી વૃદ્ધિ પર અસર કરે છે.

**મુખ્ય અસરો :**

- ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે.
- ચીડિયાપણું વધે છે.
- અભ્યાસમાં રસ ઘટે છે.
- સામાજિક સંપર્ક ઓછો થાય છે.
- આંખોની ક્ષમતા ઘટે છે.
- ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે.

• આક્રમક વર્તન વધે છે.

આયુર્વેદની દૃષ્ટિએ બાળકોમાં અતિશય સ્ક્રીન ઉપયોગ ''વાતપ્રકોપ'' વધારે છે, જેના કારણે મન અસ્થિર બને છે.

**૨. યુવાનો અને પ્રૌઢોમાં અસર**

યુવાનોમાં સોશિયલ મીડિયા સરખામણી (Comparison Culture) ગંભીર માનસિક દબાણ ઊભું કરે છે. દરેક વ્યક્તિ બીજાની ''સંપૂર્ણ દેખાતી જિંદગી'' જોઈ પોતાની સાથે અસંતુષ્ટ થવા લાગે છે. પોતાની અંદર સહનશકિતનો અભાવ દેખાવા લાગે છે.

**મુખ્ય સમસ્યાઓ :**

- Anxiety
- Patience લેવલ નીચે આવવું.
- Depression
- Social isolation
- Porn addiction
- Gaming disorder
- Anger issues
- Relationship breakdown
- આત્મવિશ્વાસમાં ઘટાડો

સતત Notification અને Dopamine stimulation મગજને વ્યસની બનાવે છે. મન એકાગ્ર રહેતું નથી. આયુર્વેદ મુજબ આ સ્થિતિ ''રાજસિક મનોદોષ'' વધારે છે.

**૩. વૃદ્ધોમાં અસર**

વૃદ્ધોમાં ડિજિટલ એકલતા (Digital loneliness) ઝડપથી વધી રહી છે. પરિવાર સાથેના સંબંધો ઘટતા જઈ રહ્યા છે અને મોબાઈલ આધારિત જીવનશૈલી તેમને માનસિક રીતે એકલા બનાવે છે.

**મુખ્ય અસરો :**

- સ્મૃતિમાં ઘટાડો • અનિદ્રા
- ચિંતા • Depression
- Dementiaનું જોખમ
- ભાવનાત્મક અસુરક્ષા

**અતિશય મોબાઈલ અને સ્ક્રીન ઉપયોગથી ભવિષ્યમાં થનારા રોગો**

**માનસિક રોગો**

- Chronic Anxiety Disorder
- Major Depression
- Attention Deficit Disorders
- Panic attacks
- Suicidal tendencies
- Emotional numbness

**ન્યૂરોલોજીકલ સમસ્યાઓ**

- Memory loss
- Early dementia
- Reduced cognitive function
- Digital fatigue syndrome

**આંખ અને મગજ સંબંધિત રોગો**

- Computer Vision Syndrome
- Dry eyes • Migraine
- Retinal stress

**જીવનશૈલી રોગો**

- Obesity
- Diabetes
- Hypertension
- Cervical spondylosis
- Insomnia

**સોશિયલ મીડિયા એટલે માનસિક ઝેર**

આજનું સોશિયલ મીડિયા માનવમન માટે ''અદૃશ્ય વિષ'' સમાન બની રહ્યું છે. સતત Reels, Shorts અને ઝડપી content મગજને ક્ષણિક આનંદ આપે છે પરંતુ આંતરિક શાંતિ છીનવી લે છે. Charaka Samhitaમાં મનના સ્વાસ્થ્ય માટે સત્ત્વગુણ વધારવાની વાત કરવામાં આવી છે.


ISSN 0976-9609

**માનસિક આરોગ્ય માટે આયુર્વેદીય ઉપાયો**

૧. દિનચર્યાનું પાલન
   વહેલી સવારે ઊઠવું સૂર્યપ્રકાશમાં સમય પસાર કરવો. નિયમિત ઊંઘ
૨. ડિજિટલ ઉપવાસ (Digital Detox) દરરોજ ઓછામાં ઓછા ૨-૩ કલાક "No Screen Time" રાખવો.
૩. યોગ અને પ્રાણાયામ
   Anulom-Vilom, Bhramari Pranayama અને ધ્યાન મનને સ્થિર બનાવે છે.
૪. સાત્ત્વિક આહાર તાજો, હળવો અને પોષક આહાર મનને શાંત રાખે છે.
૫. ઔષધિઓ

   આંખોમાં રુક્ષતા અને તેને લગતા વિકારો માટે તર્પણ, અંજન, બિડાલક જેવા આયુર્વેદિક પદ્ધતિઓનો ઉપયોગ કરો.

**નીચેની ઔષધિઓ માનસિક શાંતિ માટે ઉપયોગી માનવામાં આવે છે :**

- બ્રાહ્મી • શંખપુષ્પી • જટામાંસી
- અશ્વગંધા • યષ્ટીમધુ

**માતા-પિતા અને સમાજની જવાબદારી**

- બાળકોને Outdoor activities તરફ પ્રોત્સાહિત કરવા.
- પરિવાર સાથે Screen-free સમય પસાર કરવો.
- ભોજન દરમિયાન મોબાઈલ ટાળવો.
- બાળકોને Emotional support આપવો.
- વૃદ્ધો સાથે સમય વિતાવવો.

**ભવિષ્ય માટે ચેતવણી**

જો આજથી જ સ્ક્રીન સંસ્કૃતિ પર નિયંત્રણ નહીં લાવવામાં આવે તો આવનારા સમયમાં માનવજાતિ ''ડિજિટલ માનસિક મહામારી'' તરફ આગળ વધશે. ટેકનોલોજી માનવ માટે સહાયક બની રહેવી જોઈએ, માનસિક ગુલામીનું કારણ નહીં.

**નિષ્કર્ષ**

આધુનિક ટેક્નોલોજીએ જીવનને સરળ બનાવ્યું છે, પરંતુ અતિશય ઉપયોગ માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહ્યો છે. બાળકોમાં ધ્યાન, ક્ષમતા ઘટી રહી છે, યુવાનોમાં ડિપ્રેશન વધી રહ્યું છે અને વૃદ્ધોમાં એકલતા ઘેરાઈ રહી છે. આયુર્વેદ જીવનમાં સંતુલન, સંયમ અને મનની શાંતિ પર ભાર મૂકે છે. તેથી આજના યુગમાં આયુર્વેદીય જીવનશૈલી અને ડિજિટલ શિસ્ત બંનેનું સંયોજન માનવજાત માટે અનિવાર્ય બની ગયું છે.

---

[1]વિભાગાધ્યક્ષ ક્રિયાશરીર
[2]તૃતીય વર્ષ બી.એ.એમ.એસ
જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ
એન્ડ રિસર્ચ સેન્ટર, ન્યૂ વલ્લભ વિદ્યાનગર

---

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટારના બાયોલોજીકલ સાયન્સના વિદ્યાર્થીઓને પીએચડીની ડિગ્રી એનાયત થઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટારના બાયોલોજીકલ સાયન્સના વિદ્યાર્થીઓ મહેશ્વરી પાટડીયા અને બોસ્કી ઠક્કરને તાજેતરમાં માઈક્રોબાયોલોજી તેમજ બાયોટેકનોલોજી વિષયમાં પીએચડીની ડિગ્રી પ્રાપ્ત થઈ છે. કુ. મહેશ્વરી પાટડીયાએ ડૉ. શિલ્પા ગુપ્તે તથા કુ. બોસ્કી ઠક્કરે ડૉ. નિશા દક્ષિણીના માર્ગદર્શન હેઠળ સંશોધન હાથ ધરીને સંસ્થાને તેમજ યુનિવર્સિટીને ગૌરવ પ્રદાન કર્યું છે. આ સિદ્ધિ બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ તથા કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને તેમજ પીએચડી માર્ગદર્શકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ સેક્શન) ખાતે તા. ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. IAS અધિકારી શ્રીમતી અવંતિકાસિંઘ સચિવ, ગુજરાત એનર્જી લિમિટેડ, ગાંધીનગરના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આણંદના ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી) કુમારી એચ. ઝેડ. ભાલીયા પણ મહેમાન તરીકે હાજર રહ્યાં હતાં. કાર્યક્રમમાં આણંદ જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી કામિનીબેન ત્રિવેદી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી અર્ચનાબેન પ્રજાપતિએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

શાળાના એન.સી.સી. AIR WING ના કેડેટ્સ દ્વારા પરેડ યોજી મુખ્ય મહેમાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૯માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા સરકાર તરફથી પ્રાપ્ત પાઠ્યપુસ્તકોની ભેટ અર્પણ કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાલીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. ગત વર્ષે ધોરણ-૯ તેમજ માર્ચ-૨૦૨૬ની એસ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને એવોર્ડ અને પ્રમાણપત્રો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓનું મો મીઠું કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન શ્રીમતી અવંતિકાસિંઘે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સમગ્ર આણંદ જિલ્લામાં NCC AIR WING ધરાવતી આ એકમાત્ર શાળા છે, જે ગૌરવની બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આણંદ જિલ્લાની એકમાત્ર અંગ્રેજી માધ્યમની ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક અને અસરકારક રીતે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરે છે, જે પ્રશંસનીય છે.

કાર્યક્રમ બાદ શ્રીમતી અવંતિકાસિંઘે શાળાની ઓફિસમાં વાલીઓ સાથે બેઠક યોજી તેમના પ્રતિભાવો, પ્રશ્નો અને સૂચનો અંગે ચર્ચા કરી હતી. વાલીઓએ શાળાની કામગીરી, શિક્ષણની ગુણવત્તા તથા શાળા પરિવારના પ્રયત્નો પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આણંદ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના EI શ્રી હેમંતભાઈ કાછિયા તથા શ્રી તેજેન્દ્રસિંહ સોલંકીએ સફળ આયોજન બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. CRC શ્રી દીપકભાઈ પટેલે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપી કાર્યક્રમને સફળ બનાવવા મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તથા સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. સમગ્ર શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ને યાદગાર અને સફળ બનાવ્યો હતો.

**''વાસંતીબેન અને ચંદુભાઈ પટેલ અંગ્રેજી શાળાની ગૌરવપૂર્ણ સિદ્ધિઓ'' :**

શાળાની અંડર-૧૭ ફૂટબોલ ટીમે સુબ્રોતો કપમાં પહેલીવાર ચેમ્પિયન બનીને ઇતિહાસ રચ્યો છે.

આ ઉપરાંત, ધોરણ ૧૦ના હેમાદિત્ય જયસિંહ રાઠોડની અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત ઝોનલ ક્રિકેટ એકેડેમી (ZCA) કેમ્પ માટે પસંદગી કરવામાં આવી છે. શાળાની ધોરણ ૧૧ની વિદ્યાર્થીની કેશવી અમીને કલા શિક્ષક સંઘ દ્વારા રાજ્યકક્ષાનો આર્ટ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

 ISSN 0976-9609

આ નોંધપાત્ર સિદ્ધિ વિદ્યાર્થીઓની પ્રતિભા, સમર્પણ અને ક્ષેત્રમાં સખત મહેનતને પ્રતિબિંબિત કરે છે. સમગ્ર શાળા સમુદાય આ સફળતા પર ખૂબ ગર્વ અનુભવે છે અને આવનારા વર્ષોમાં વધુ સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવે છે.

**શાળાના ફાઉન્ડેશન દિનની અનોખી ઉજવણી :**

તા. ૨૩-૬-૨૬ ના રોજ વાસંતીબેન અને ચંદુભાઈ પટેલ અંગ્રેજી શાળાનો સ્થાપના દિવસ હોય છે. આ દિવસને 'કરૂણા દિન' (ફાઉન્ડેશન ડે) તરીકે ઉજવવાની એક અનોખી પરંપરા છે. આ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ, બ્લડ ડોનેશન કેમ્પ વગેરેનું આયોજન કરવામાં આવે છે. આ દિવસે શિક્ષકો, તેમનો પરિવાર અને વાલીઓ મોટી સંખ્યામાં રકતદાન કરે છે.

આ પ્રસંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જૂનાં-નવાં વસ્ત્રો, સ્ટેશનરી, પુસ્તકો, નોટબુકો તેમજ રમકડાં વગેરે એકત્રિત કરી જરૂરિયાતમંદ બાળકો સુધી પહોંચાડે છે.



## ।। સૂચના ।।

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ ‘ચારુતર વિદ્યામંડળ’ ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઈ-મેઈલ** : editor.vidyanagar@gmail.com.


**લવાજમ**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |


ISSN 0976-9609

# ચતુર્થ રક્તદાન કેમ્પ





ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી શાળાના ૫૧મા વર્ષ પ્રવેશ નિમિત્તે તા.૧૦-૦૭-૨૦૨૬ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી ચતુર્થ રક્તદાન કેમ્પનું સી.વી.એમ.ના પદાધિકારીઓની પ્રેરણા અને પ્રિ.અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ શાળાકીય રક્તદાન સમિતિના કન્વીનરશ્રીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં, NSS, NCC, સેતુ ટ્રસ્ટ વલ્લભ વિદ્યાનગર, લાયન્સ કલબ વલ્લભ વિદ્યાનગર અને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને તેઓના પરિવારના સભ્યો તેમજ નિયમિત રકત દાતાઓના અપ્રતિમ સહયોગથી ૨૭૬ રજિસ્ટ્રેશનમાંથી રિજેક્શન થયા બાદ ૧૫૪ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. પ્રિ.અમિતકુમાર ભટ્ટે સૌ રકતદાતાઓનો આભાર માન્યો હતો અને ઉત્સાહભેર જહેમત ઉઠાવનાર સહયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા.

BOOK POST
August 2026

V-Vidyanagar 28 (8)
Published on 05/8/2026
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Prafulla Chandra Ray**



**(2nd August 1861 To 16th June 1944)**

Sir Prafulla Chandra Ray CIE FNI FRASB FIAS FCS was an Indian chemist, educationist, historian, industrialist and philanthropist from Bengal. He established the first modern Indian research school in chemistry (post classical age) and is regarded as the father of Indian chemistry. The Royal Society of Chemistry honoured his life and work with the first ever chemical landmark plaque outside Europe. He was the founder of Bengal Chemicals & Pharmaceuticals, India's first pharmaceutical company. He is the author of A History of Hindu Chemistry from the Earliest Times to the Middle of the Sixteenth Century (1902).

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )